“ બુધવારની સાપ્તાહિક પૂર્તિ ”

ઉત્સવ

સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-10 | Issue-52 | AD-2026, Kartak Vad-01 | Wednesday, Dt. 25-11-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

૫,૬૧૮ પોલીસ કર્મચારીઓનો કાફલો ખડકાયો

દીવા પ્રગટાવવાના મુદ્દે તમિલનાડુમાં ભારે હોબાળો, હિન્દુ નેતાઓની અટકાયત

ચેન્નાઈ, તા. ૨૪

તમિલનાડુના મદુરાઈમાં તિરુપ્પરંકુન્દ્રમ ટેકરી પર આવેલા દીપથૂન (પથ્થરના સ્તંભ) પર પરંપરાગત રીતે દીવો પ્રગટાવવાના મુદ્દે મોટો વિવાદ સર્જાયો છે. સુપ્રીમ કોર્ટના નિર્દેશના અમલીકરણને લઈને ચાલી રહેલા વિવાદ વચ્ચે જિલ્લા વહીવટીતંત્રે સમગ્ર વિસ્તારમાં પ્રતિબંધક આદેશ લાગુ કરી દીધા છે. કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે ટેકરી પર ૫,૬૧૮ પોલીસ કર્મચારીઓને તૈનાત કરવામાં આવ્યા છે. મંગળવારે યોજાનારા કાર્તિગાઈ દીપમ ઉત્સવમાં ભાગ લેવા જઈ રહેલા ભારતીય જનતા પાર્ટી અને હિન્દુ સંગઠન હિન્દુ મુન્નાનીના કેટલાક નેતાઓ અને કાર્યકરોને નજરકેદ કરવામાં આવ્યા હતા. મદુરાઈના જિલ્લા મેજિસ્ટ્રેટ નિશાંત કૃષ્ણાએ ૨૩ નવેમ્બરની રાત્રે ૯ વાગ્યાથી ૨૫ નવેમ્બરની સવારે ૧૦ વાગ્યા સુધી પ્રતિબંધક આદેશ જાહેર કર્યા છે. આ દરમિયાન જાહેર મેળાવડા, રેલીઓ અને પરવાનગી વિના ટેકરી પર ચઢવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જોકે, પરંપરાગત પૂજા, મંદિરમાં નિયમિત ધાર્મિક વિધિઓ, દરગાહમાં પ્રવેશ અને સુપ્રીમ કોર્ટના નિર્દેશોના અમલીકરણને લગતી પ્રવૃત્તિઓને છૂટ આપવામાં આવી છે. ટેકરી, મંદિરના પગથિયાં, પરિક્રમા માર્ગ અને આસપાસના વિસ્તારોમાં ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ૨૩ અને ૨૪ નવેમ્બરના રોજ ડ્રોન ઉડાડવા પર પણ પ્રતિબંધ મૂકાયો છે. સમગ્ર વિસ્તારને કામચલાઉ



પ્રતિબંધિત હવાઈ વિસ્તાર જાહેર કરવામાં આવ્યો છે.સુપ્રીમ કોર્ટે ૨૦ નવેમ્બરના વચગાળાના આદેશમાં સિકંદર શાહ દરગાહ નજીક ટેકરીની ટોચ પર આવેલા વિવાદિત દીપથૂન પર પરંપરાગત રીતે એક જ વાર કાર્તિગાઈ દીપમનો દીવો પ્રગટાવવાની મંજૂરી આપી હતી. કોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે માત્ર અધિકૃત વ્યક્તિઓ જ દીવો પ્રગટાવી શકશે. કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે ટેકરીની ટોચ પર જાહેર પ્રવેશ, સરઘસો અને મેળાવડા પર પ્રતિબંધ રહેશે. સુરક્ષા માટે ચહેરા ઓળખી શકે તેવી ટેકનોલોજી ધરાવતા ૭૦ થી વધુ નવા દેખરેખ કેમેરા પણ લગાવવામાં આવ્યા છે.આ બંદોબસ્તમાં દક્ષિણ જિલ્લાઓના ૧૨ પોલીસ અધિક્ષકો, આઠ અધિક પોલીસ અધિક્ષકો અને ૧૩૨ પોલીસ નિરીક્ષકો સહિત કુલ ૫,૬૧૮ કર્મચારીઓ જોડાયા છે. આશરે ૧૨ ભારતીય પોલીસ સેવા અધિકારીઓની દેખરેખ હેઠળ સુરક્ષા વ્યવસ્થા સંભાળવામાં આવી રહી છે.

દક્ષિણ જિલ્લાઓના ૨૮ વરિષ્ઠ અધિકારીઓને પણ મદુરાઈ બોલાવવામાં આવ્યા હતા. દરમિયાન, ભાજપનાં નેતા અને ભૂતપૂર્વ રાજ્યપાલ ડો. તમિલિસાઈ સુંદરરાજને સરકારની કાર્યવાહી સામે સવાલો ઉઠાવ્યા છે. તેમણે જણાવ્યું હતું કે દીવો પ્રગટાવવાના વિરોધમાં અન્ય સંગઠનોને વિરોધ કરવાની છૂટ આપવામાં આવે છે, જ્યારે શાંતિપૂર્ણ રીતે પરંપરાગત દીવો પ્રગટાવવાની અપીલ કરતા હિન્દુ નેતાઓ અને ભાજપના કાર્યકરોને નજરકેદ કરવામાં આવે છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે તમિલનાડુમાં ધાર્મિક સંવાદિતાના નામે બેવડા ધોરણો અપનાવવામાં આવી રહ્યા છે અને હિન્દુઓનો કાયદેસર અવાજ દબાવવામાં આવી રહ્યો છે. આ ઘટનાને પગલે તમિલનાડુમાં રાજકીય અને ધાર્મિક માહોલ ગરમાયો છે.

પંજાબમાં ભાજપ અને શિરોમણી અકાલી દળ વચ્ચે ફરી ગઠબંધનનું એલાન

છ વર્ષથી વધુ સમય બાદ બંને પક્ષો ફરી એક મંચ પર આવ્યા

ચંડીગઢ,તા.૨૪

પંજાબમાં ભારતીય જનતા પાર્ટી અને શિરોમણી અકાલી દળે ફરી ગઠબંધન કરવાની જાહેરાત કરી છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને અકાલી દળના પ્રમુખ સુખબીર સિંહ બાદલે મંગળવારે પત્રકાર પરિષદમાં આ જાહેરાત કરી હતી. છ વર્ષથી વધુ સમય બાદ બંને પક્ષો ફરી એકસાથે આવ્યા છે. વર્ષ ૨૦૨૦માં




કૃષિ કાયદાઓના વિરોધને પગલે અકાલી દળે ભાજપ સાથેનું ગઠબંધન તોડી નાખ્યું હતું. હવે ૨૦૨૭ની શરૂઆતમાં યોજાનારી પંજાબ વિધાનસભાની ચૂંટણી પહેલાં બંને પક્ષો ફરી નજીક આવ્યા છે. જોકે, બેઠકોની વહેંચણી અંગે હજુ કોઈ જાહેરાત કરવામાં આવી નથી. અમિત શાહે જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધનના સૌથી જૂના સહયોગી અકાલી દળનું ફરી ગઠબંધનમાં સ્વાગત કરતાં આનંદ થાય છે. તેમણે કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ સુખબીર બાદલ અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ સાથે વાતચીત કરી હતી. બાદલ સાહેબની પાર્ટી વિના ગઠબંધન અધૂરું હતું.અમિત શાહે વધુમાં જણાવ્યું હતું કે આ ગઠબંધન પંજાબ સહિત સમગ્ર દેશ અને દુનિયામાં હિન્દુ-શીખ ભાઈચારાનું પ્રતીક બનશે. બંને પક્ષો સાથે મળીને આ દિશામાં આગળ વધશે. આ ગઠબંધનથી પંજાબના રાજકારણમાં નવા સમીકરણો સર્જાવાની શક્યતા છે.

બિહાર સહિત ઉત્તરપૂર્વ ભારતમાં ૫.૩ની તીવ્રતાનો ભૂકંપ આવતા લોકોમાં ગભરાટ

સવારે ૭:૦૪ કલાકે ૨ થી ૩ સેકન્ડ સુધી આંચકા અનુભવાયા

નવી દિલ્હી,તા.૨૪

બિહાર સહિત ઉત્તરપૂર્વ ભારતના અનેક વિસ્તારોમાં મંગળવારે સવારે ભૂકંપના આંચકા અનુભવાતાં લોકોમાં ભયનો માહોલ ફેલાયો હતો. ભૂકંપનું કેન્દ્ર નેપાળમાં નોંધાયું હતું અને તેની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૩ માપવામાં આવી હતી. સવારે ૭:૦૪ વાગ્યે આશરે ૨થી ૩



સેકન્ડ સુધી ધરતી ધ્રૂજતાં લોકોમાં અફરાતફરી મચી ગઈ હતી.

બિહારના સુપૌલ, સમસ્તીપુર, દરભંગા અને ભાગલપુર સહિત અનેક જિલ્લાઓમાં ભૂકંપની અસર જોવા મળી હતી. આંચકાને કારણે ઘરોમાં પલંગ અને પંખા હલવા લાગ્યા હતા, જ્યારે કેટલીક જગ્યાએ ઝાડ પરથી પાંદડાં ખર્યાં હતાં. અચાનક આવેલા આંચકાથી લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા.બિહાર ઉપરાંત સિક્કિમ અને સિલિગુડીમાં પણ ભૂકંપ અનુભવાયો હતો. કેટલાક લોકોને શરૂઆતમાં ભારે વાહન પસાર થતું હોવાની આશંકા થઈ હતી.નિષ્ણાતોના મતે ભૂકંપની તીવ્રતા અને તેનું કેન્દ્ર, ઊંડાઈ તથા સ્થાનિક બાંધકામની સ્થિતિ નુકસાન નક્કી કરવામાં મહત્ત્વની હોય છે. રિક્ટર સ્કેલ પર દરેક એક સ્તરનો વધારો કંપનવિસ્તારમાં દસ ગણો વધારો દર્શાવે છે. જોકે, આંચકાની તીવ્રતા ૫.૩ હોવા છતાં અત્યાર સુધી કોઈ જાનમાલના નુકસાનના અહેવાલ મળ્યા નથી.

સંરક્ષણ અને અર્ધલશ્કરી દળોના અધિકારીઓનાં ખાનગી ગ્રુપ નિશાન પર

પાકિસ્તાની હેન્ડલરોની સાયબર જાસૂસીનો પર્દાફાશ, વોટ્સએપ ગ્રુપમાં ઘૂસણખોરી

નવી દિલ્હી,તા.૨૪

ભારતીય સુરક્ષા એજન્સીઓએ સોમવારે પાકિસ્તાની હેન્ડલરોના સાયબર જાસૂસીના પ્રયાસનો પર્દાફાશ કર્યો હતો. અધિકારીઓના જણાવ્યા અનુસાર, પાકિસ્તાની ગુપ્તચર તંત્ર સાથે સંકળાયેલા લોકોએ સંરક્ષણ, અર્ધલશ્કરી દળો અને સંરક્ષણ વિભાગના નાગરિક અધિકારીઓનાં આશરે ૧૩થી



૧૪ ખાનગી વોટ્સએપ ગ્રુપમાં ઘૂસણખોરી કરી હતી.

આ જાસૂસોએ નકલી અથવા હેક કરાયેલા ભારતીય મોબાઈલ નંબરનો ઉપયોગ કરીને ગ્રુપમાં સભ્ય તરીકે પ્રવેશ મેળવ્યો હતો. તેઓ ગ્રુપમાં થતી વાતચીત અને શેર થતા દસ્તાવેજો પર નજર રાખતા હતા.

આ ઘટનાને પગલે સુરક્ષા એજન્સીઓએ તમામ ગ્રુપ અને અન્ય સામાજિક સંપર્ક માધ્યમોનું ઓડિટ કરવા તથા અજાણ્યા સભ્યોને દૂર કરવાના આદેશ આપ્યા છે. અધિકારીઓને સત્તાવાર કે ગુપ્ત માહિતી અને દસ્તાવેજો શેર ન કરવા સૂચના અપાઈ છે.અગાઉ એક પાકિસ્તાની ગુપ્તચર એજન્ટે સંરક્ષણ વિભાગના અધિકારીઓના ગ્રુપમાં ડીઆરડીઓની વૈજ્ઞાનિક સોનિયા બનીને પ્રવેશ મેળવ્યો હોવાનો મામલો પણ સામે આવ્યો હતો. આ માધ્યમથી સંવેદનશીલ માહિતી મેળવવામાં આવી હોવાની આશંકા છે.

અયોધ્યાથી જનકપુર ધામ સુધી પ્રથમ સીધી ટ્રેન સેવા શરૂ

નવી દિલ્હી,તા.૨૪

ભગવાન રામની નગરી અયોધ્યાથી માતા સીતાના જન્મસ્થળ જનકપુર ધામ સુધીની પ્રથમ સીધી ટ્રેન મંગળવારે સવારે ૯:૩૫ વાગ્યે જનકપુર ધામ સ્ટેશને પહોંચી હતી. સોમવારે બપોરે ૧:૩૦ વાગ્યે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને નેપાળના વડાપ્રધાન બાલેન શાહે અયોધ્યાથી સરયુ-કમલા એક્સપ્રેસને લીલી ઝંડી આપી રવાના કરી હતી. ઉત્તર પ્રદેશ અને બિહારનાં ૧૦ સ્ટેશનો પર રોકાણ કર્યા બાદ ટ્રેન મંગળવારે સવારે ૭ વાગ્યે ભારતના અંતિમ સ્ટેશન જયનગર પહોંચી હતી. ત્યારબાદ નેપાળમાં પ્રવેશી જનકપુર ધામ પહોંચી હતી. પ્રથમ દિવસે ૧,૧૫૮ મુસાફરોએ મુસાફરી કરી હતી. ૨૮ નવેમ્બરથી આ સેવા સામાન્ય જનતા માટે શરૂ થવાની અપેક્ષા છે.





સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
02
બુધવાર, તા.૨૫-૧૧-૨૦૨૬

ધાતરવડી-૧ ડેમમાંથી રવિ પાક માટે કેનાલમાં પાણી છોડવાની કરાઈ માંગ

રાજુલા માર્કેટ યાર્ડના ચેરમેન રાજેશભાઈ પરસાણાએ જળસંપત્તિ મંત્રીને ૧૩ ગામોના ખેડૂતોને સિંચાઈનો લાભ આપવા રજૂઆત કરી

રાજુલા,તા.૨૪

ધાતરવડી સિંચાઈ-૧ ડેમમાંથી રવિ ઋતુ વર્ષ ૨૦૨૫-૨૭ માટે કેનાલ મારફતે સિંચાઈનું પાણી છોડવાની મંજૂરી આપવા રાજુલા માર્કેટ યાર્ડના ચેરમેન રાજેશભાઈ પરસાણાએ જળસંપત્તિ મંત્રી ઈશ્વરભાઈ પટેલને રજૂઆત કરી છે. રજૂઆતમાં જણાવ્યા મુજબ, ડેમ હેઠળ આવતા ગામોના ખેડૂતોને નવા વાવેતર માટે પાણીની જરૂરિયાત છે. પાણી સમિતિની બેઠકમાં પણ



પાણી છોડવા અંગે આયોજન કરવામાં આવ્યું છે, પરંતુ મંજૂરી પેન્ડિંગ હોવાથી ખેડૂતો મુશ્કેલી અનુભવી રહ્યા છે. ધારેવર, દીપડિયા, નાના રીંગણીયાળા, નવી-જૂની માંડરડી, વાવડી, ચારોડીયા, રાજુલા, અંબરડા, કુંડલીયાણા, બળાણા, વાવેરા, જાફરાબાદ સહિત ૧૩ ગામોના ખેડૂતોને ઘઉં, ચણા અને ડુંગળીના પાક માટે પાણી મળી રહે તે માટે તાત્કાલિક મંજૂરી આપવા માંગ કરવામાં આવી છે.

એકલેરા ગામે ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા ચેકડેમનું ખાતમુહૂર્ત કરાયું

લીલીયા,તા.૨૪



લીલીયા તાલુકાના એકલેરા ગામે ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા નવા ચેકડેમના નિર્માણ કાર્યનું તા. ૨૪ નવેમ્બરના રોજ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ગામનું પાણી ગામમાં અને સીમનું પાણી સીમમાંના સૂત્ર સાથે યોજાયેલા કાર્યક્રમમાં સરપંચ, અગ્રણીઓ, ખેડૂતો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ટ્રસ્ટના પ્રતિનિધિઓએ વરસાદી પાણીનો સંગ્રહ, ભૂગર્ભ જળસ્તરમાં વધારો તથા બોર અને કૂવાઓ રિચાર્જ કરવાના મહત્વ અંગે માર્ગદર્શન આપ્યું હતું. ગ્રામજનોએ ચેકડેમના નિર્માણમાં સહકાર આપવાનો સંકલ્પ કર્યો હતો. આ ચેકડેમથી ખેડૂતોને સિંચાઈ અને ગામને પાણીની સુવિધામાં લાભ થવાની આશા વ્યક્ત કરવામાં આવી હતી. આ પ્રસંગે દિલીપભાઈ સખીયા, અરવિંદભાઈ ડોબરિયા, રમેશભાઈ ધાનાણી સહિત રણછોડભાઈ આલગીયા, વિનુભાઈ ગોદાની અને અન્ય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

અમરેલીમાં AMR અંગે જાગૃતિ અભિયાન યોજાયું

અમરેલી,તા.૨૪

અમરેલી જિલ્લામાં વિશ્વ એન્ટિમાઇક્રોબિયલ જાગૃતિ સપ્તાહ અંતર્ગત એન્ટી માઇક્રોબિયલ રેઝિસ્ટન્સ (AMR) અંગે જનજાગૃતિ ફેલાવવા વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને યોજાયેલા કાર્યક્રમમાં જિલ્લા પંચાયત અને નગરપાલિકાના પ્રમુખો, ધારાસભ્ય તેમજ ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે એન્ટિબાયોટિક દવાઓના યોગ્ય ઉપયોગ અંગે માહિતી આપી સૌને જાગૃતિની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી આ અભિયાન અંતર્ગત ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા કેમિસ્ટ એન્ડ ડ્રુગિસ્ટ એસોસિએશનના સહયોગથી અમરેલીના મેડિકલ સ્ટોર્સની મુલાકાત લેવામાં આવી હતી. દુકાનો પર **'No Prescription, No Antibiotics'** અને ડોક્ટરની સલાહ મુજબ જ એન્ટિબાયોટિક દવાઓ લેવા અંગેના સ્ટીકરો લગાવાયા હતા.

ચિતલ ખાતે તા. ૨૬ નવેમ્બરે ૧ ઉપમોનેત્ર નિદાન કેમ્પ યોજાશે

અમરેલી,તા.૨૪

ચિતલ ખાતે રણછોડદાસ હોસ્પિટલ-રાજકોટ અને વિદ્યાભારતી ટ્રસ્ટ-ચિતલના સંયુક્ત ઉપક્રમે ૨૬ નવેમ્બર, ગુરુવારે ૧ ઉપમો નેત્ર નિદાન કેમ્પ યોજાશે. દર મહિનાની ૨૬મી તારીખે યોજાતા આ કેમ્પનું આયોજન સવારે ૯:૩૦ કલાકે સરસ્વતી વિદ્યામંદિર ખાતે કરવામાં આવ્યું છે.સ્વ. બાબુભાઈ કાનજીભાઈ સોડીંગળાની પુણ્યસ્મૃતિમાં નટુભાઈ બાબુભાઈ સોડીંગળા અને પરિવારના સહયોગથી આ સેવાયજ્ઞ યોજાશે. કેમ્પનું દીપ પ્રાગટ્ય વિશ્વનાથદાસજી બાપુ અને નિતેશભાઈ ડોડીયાના હસ્તે કરવામાં આવશે. આ પ્રસંગે જીગ્નેશભાઈ સોડીંગળા, ચેતનભાઈ સોડીંગળા, પ્રતીકભાઈ રાવલ અને રશ્મિબેન રાવલ ઉપસ્થિત રહેશે.કેમ્પને સફળ બનાવવા બિપીનભાઈ દવે, દિનેશભાઈ મેસીયા, ઈતેશભાઈ મહેતા સહિત આયોજન સમિતિના સભ્યો અને સહયોગીઓ જહેમત ઉઠાવી રહ્યા છે. આયોજકોએ જરૂરિયાતમંદ દર્દીઓને આ કેમ્પનો લાભ લેવા અપીલ કરી છે.

જરૂરિયાતમંદ દર્દીઓને વિનામૂલ્યે નેત્ર તપાસનો લાભ લેવા અનુરોધ

અમરેલીમાં ૨૬ નવેમ્બરે રોજગાર ભરતી મેળાનું કરાયુ આયોજન

અમરેલી,તા.૨૪

જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા આગામી ૨૬ નવેમ્બર, ગુરુવારના રોજ સવારે ૧૧ વાગ્યે અનુબંધમ પોર્ટલના માધ્યમથી રોજગાર ભરતી મેળો યોજાશે. આઈ.સી. આઈ.સી. આઈ. બેંકમાં રિલેશનશિપ મેનેજર માટે ગ્રેજ્યુએશનમાં ૫૦ ટકા અને ૧૮થી ૨૫ વર્ષની વય ધરાવતા ઉમેદવારોને રૂ.૨૫ હજાર પગારની તક મળશે. હોમ ફાઈનાન્સમાં આસિસ્ટન્ટ મેનેજર માટે એમ.બી.એ. અને ૨૨થી ૨૬ વર્ષની વય મર્યાદા જરૂરી છે, જેમાં રૂ.૩૩,૩૩૩ સુધી પગાર મળશે. એચ.ડી.એફ.સી. લાઈફમાં પણ વિવિધ જગ્યાઓ ભરાશે. ઉમેદવારોએ બાયોડેટા, આધારકાર્ડ, શૈક્ષણિક પ્રમાણપત્રો, ફોટા અને અનુભવના પ્રમાણપત્રો સાથે હાજર રહેવું. વધુ માહિતી માટે ૦૨૭૯૨-૨૨૩૩૯૪ પર સંપર્ક કરવો.

મોટા લીલીયા નજીક રેલવે ટ્રેક પર ત્રણ સિંહો આવ્યા, લોકોપાયલટની સમયસૂચકતાથી બચ્યો જીવ

વન વિભાગે ત્રણેય સિંહોને સુરક્ષિત રીતે ટ્રેક પરથી દૂર કર્યા

અમરેલી,તા.૨૪

અમરેલી જિલ્લામાં પીપાવાવ-સાવરકુંડલા રેલવે લાઈન પર મોટા લીલીયા નજીક રેલવે ટ્રેક પર ત્રણ સિંહો આવી ચડતાં પેસેન્જર ટ્રેનના લોકોપાયલટે સમયસૂચકતા દાખવી હતી. ૨૦ નવેમ્બરના રોજ રેલવે ટ્રેકના નંબર ૫૩/૮ પાસે ત્રણેય સિંહો ટ્રેક ઓળંગી રહ્યા હતા. દરમિયાન ત્યાંથી પસાર થતી ટ્રેન નંબર ૧૯૨૫૬ના લોકોપાયલટ રાકેશ બી. મારૂ અને પ્રકાશ ચંદ મીણાએ તાત્કાલિક ઈમરજન્સી બ્રેક લગાવી ટ્રેન રોકી દીધી હતી. જેથી ત્રણેય સિંહો દુર્ઘટનાનો ભોગ બનતાં બચી ગયા હતા. ઘટનાની જાણ થતાં વન વિભાગના ફોરેસ્ટ ટ્રેકર રાહુલભાઈ તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતા અને ત્રણેય સિંહોને ટ્રેક પરથી દૂર કર્યા હતા. વન વિભાગે ટ્રેક સુરક્ષિત હોવાની ખાતરી આપ્યા બાદ ટ્રેનને રવાના કરવામાં આવી હતી. આ વિસ્તારમાં વારંવાર સિંહો ટ્રેક પર આવી ચડતા હોવાથી વન્યજીવોની સુરક્ષા સામે ચિંતા ઊભી થઈ છે.

લીલીયા તાલુકા ભાજપ મહિલા મોરચાના પ્રમુખ તરીકે જયશ્રીબેન ઝિંઝુવાડિયાની વરણી

લીલીયા,તા.૨૪



લીલીયા તાલુકા ભાજપ મહિલા મોરચાના પ્રમુખ તરીકે જયશ્રીબેન ઝિંઝુવાડિયાની વરણી કરવામાં આવી છે. જ્યારે મહામંત્રી તરીકે રાજશ્રીબેન રાજ્યગુરુ અને રેખાબેન દેવાણીને જવાબદારી સોંપવામાં આવી છે. જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી અને તાલુકા ભાજપ પ્રમુખ આનંદ ધાનાણીના માર્ગદર્શન હેઠળ આ નિમણૂકો કરાઈ છે. ધારાસભ્ય મહેશ કસવાળા, જિલ્લા પંચાયત સદસ્ય જિગ્નેશ સાવજ, રણજીતભાઈ ખુમાણ સહિત ભાજપના આગેવાનો અને કાર્યકરોએ નવી નિમણૂકોને આવકારી શુભેચ્છાઓ પાઠવી હતી.

અમરેલીમાં મોટરસાઈકલ પાર્ક કરવા મુદ્દે બબાલ, સામસામી ફરિયાદ નોંધાવી

બેઝબોલના ધોકા અને લાકડી વડે માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલી, તા.૨૪

અમરેલીમાં દુકાન સામે મોટરસાઈકલ પાર્ક કરવાની ના પાડવા મુદ્દે બે પક્ષો વચ્ચે બબાલ થઈ હતી. ઈમરાનભાઈ શેખએ રાહુલભાઈ પંજવાણી અને મેહુલભાઈ પંજવાણી સામે ફરિયાદ નોંધાવી હતી. જેમાં મોટરસાઈકલ રાખવાની ના પાડતાં આરોપીઓએ ગાળો આપી બેઝબોલના ધોકા વડે હાથ, પગ અને માથામાં માર માર્યો હોવાનો આક્ષેપ કર્યો હતો. દરમિયાન મેહુલભાઈએ પણ ઢીકાપાટુનો માર માર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સામે રાહુલભાઈ પંજવાણીએ ઈમરાનભાઈ શેખ સામે ફરિયાદ નોંધાવી હતી. જેમાં લાકડી વડે માર માર્યાનો અને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો આક્ષેપ કર્યો હતો. અમરેલી સિટી પોલીસના એ.એસ.આઈ. એ.વાય. કાજી વધુ તપાસ ચલાવી રહ્યા છે.

દામનગરની રાધાકૃષ્ણ કોટન ઈન્ડસ્ટ્રીઝમાં આગથી કપાસની ગાંસડીઓ અને મશીનરી બળીને ખાખ

રૂ. ૩૪.૭૧ લાખનું નુકસાન

દામનગર,તા.૨૪

રાધાકૃષ્ણ કોટન ઈન્ડસ્ટ્રીઝના જિનિંગ હાઉસમાં કોઈ અગમ્ય કારણોસર ભીષણ આગ ફાટી નીકળતાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. આ દુર્ઘટનામાં કપાસનો મોટો જથ્થો અને મશીનરી બળીને ખાખ થઈ જતાં મિલ માલિકને અંદાજે રૂ. ૩૪,૭૧,૭૩૨નું જંગી નુકસાન થયું હતું.પ્રાપ્ત વિગતો અનુસાર, રાધાકૃષ્ણ કોટન ઈન્ડસ્ટ્રીઝની અંદર આવેલા જિનિંગ હાઉસમાં અચાનક આગ ભભૂકી ઊઠી હતી. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને જિનિંગ હાઉસમાં પડેલા કપાસના જથ્થાને લપેટમાં લીધો હતો. આગની આ ઘટનામાં કન્વેયર બેલ્ટ પર પડેલો અંદાજે ૨૦ ગાંસડી જેટલો લૂઝ કપાસનો માલ સંપૂર્ણપણે બળી ગયો હતો. આ ઉપરાંત, જિનિંગ હાઉસમાં સુપર મશીનની બાજુમાં રાખવામાં આવેલી રૂ. ૩૩,૦૦૦ની એક એવી ૫૦ કપાસની ગાંસડીઓ પણ આગની ઝપેટમાં આવી જતાં બળીને ભસ્મ થઈ ગઈ હતી. આગને કારણે અંદાજે ૪૦૦ ફૂટ લાંબો કન્વેયર બેલ્ટ અને બે મોટર પણ બળીને નાશ પામ્યા હતા. આમ, કપાસ અને મશીનરી મળીને કુલ રૂ. ૩૪,૭૧,૭૩૨નો મુદ્દામાલ આગમાં બળીને ખાખ થઈ ગયો હતો.

બાબરા તાલુકાના અનુસૂચિત જાતિ સમાજનું પ્રથમ સ્નેહમિલન યોજાયું

બાબરા,તા.૨૪



તસવીર : દિપક કનૈયા

બાબરા તાલુકાના ધુધરાળા ગામની બળાણી હાઈસ્કૂલ ખાતે ૨૩ નવેમ્બર ૨૦૨૬ના રોજ સમસ્ત અનુસૂચિત જાતિ સમાજનું પ્રથમ ભવ્ય સ્નેહમિલન યોજાયું હતું. કાર્યક્રમની શરૂઆત ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરને પુષ્પાંજલિ અર્પણ કરીને કરવામાં આવી હતી. પ્રવિણભાઈ ધાખડાએ સમાજમાં એકતા, સંગઠન અને શિક્ષણનું મહત્વ સમજાવ્યું હતું. યુવાનોને સામાજિક કાર્યોમાં આગળ આવવા અપીલ કરી હતી. કાર્યક્રમમાં અમરેલી જિલ્લા પંચાયતની સામાજિક ન્યાય સમિતિના ચેરમેન ડેનીભાઈ પરમાર સહિત આગેવાનો, યુવાનો, વડીલો અને વિવિધ હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા કિશોરભાઈ માંડણ, પ્રવિણભાઈ વાળા સહિતના આગેવાનોએ જહેમત ઉઠાવી હતી. ભવિષ્યમાં પણ સમાજના સર્વાંગી વિકાસ માટે આવા કાર્યક્રમો યોજવાનો સંકલ્પ વ્યક્ત કરાયો હતો.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)
વ્હીલ એલાઇમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

super Splendor
Hero
75 km/l* BEST-IN-CLASS MILEAGE
Super JHAKAAS MILEAGE
On Road Price ₹91,999/-*
SUPER SILENT START
SUPER NEW GRAPHICS
SUPER LED HEADLAMP
SCAN TO KNOW MORE
नया super Splendor XTEC2.0 125cc
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601
+91 92899 22254
navnit@heromotocorp.biz

|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧ || || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...
યમુના જવેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જવેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
● શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
● નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જવેલરીનો વિશાળ ખજાનો
● પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ
અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.
સ્થળ : દુ.નં. - 3, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.
હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૯૧૪૧૨ ૦૭૭૩૬

વડિયા મામલતદાર કચેરીમાં કાયમી અધિકારીની નિમણૂંક કરવા માંગ ઉઠી

ઈન્ચાર્જ અધિકારીઓને કારણે લોકોના કામો ટલ્લે ચડતા હોવાથી રોષ

વડિયા,તા.૨૪



વડિયા તાલુકાની મામલતદાર કચેરીમાં કાયમી અધિકારીની નિમણૂક ન થતાં વહીવટી કામગીરી સામે સવાલો ઊભા થયા છે. મામલતદારની બદલી બાદ વધારાનો ચાર્જ અન્ય અધિકારીને સોંપાયો હતો. તેમની વિસાવદર ખાતે બદલી થયાના અહેવાલો વચ્ચે પણ ચાર્જ તેમની પાસે હોવાનું જાણવા મળે છે. ઈન્ચાર્જ અધિકારીની અનિયમિત હાજરીના કારણે ખેડૂતો, વિદ્યાર્થીઓ અને સામાન્ય અરજદારોને કામ માટે વારંવાર ધક્કા ખાવા પડે છે. મતદાર યાદી સુધારણા કામગીરી અંતિમ તબક્કામાં છે ત્યારે અધિકારીની નિયમિત હાજરી જરૂરી છે. આગામી ગ્રામપંચાયતની ચૂંટણીઓ નજીક આવી રહી છે ત્યારે ચૂંટણી નાયબ મામલતદારની નિમણૂક પણ હજુ કરવામાં આવી નથી. વડિયા તાલુકાને કાયમી મામલતદાર ક્યારે મળશે અને અટવાયેલાં કામોને ગતિ ક્યારે મળશે તેવા સવાલો ઉઠી રહ્યા છે. જિલ્લા વહીવટી તંત્ર કાયમી નિમણૂક કરે તેવી માંગ ઉઠી છે.

સાવરકુંડલાના જૂના બસસ્ટેન્ડ રોડ પર ઢાળવાળા રસ્તાથી અકસ્માતની ભીતિ

અકસ્માત નિવારવા માટે તંત્ર તાત્કાલિક પગલા ભરે તેવી માંગ ઉઠી

સાવરકુંડલા, તા. ૨૪



સાવરકુંડલા શહેરના જૂના બસસ્ટેન્ડ રોડ પર અતિશય ઢાળ અને લીસા રસ્તાને કારણે વાહનચાલકો તથા રાહદારીઓ માટે જોખમ ઊભું થયું છે. આ માર્ગ પરથી પસાર થતા દ્વિચક્રી વાહનચાલકો અચાનક સ્લીપ થઈને પડી રહ્યા છે, જ્યારે રાહદારીઓ પણ લપસી પડવાથી અકસ્માતનો ભોગ બની રહ્યા છે. આ અંગે લોકોએ જણાવ્યું હતું કે, સીસીટીવી કેમેરામાં અનેક બાઇકચાલકો લપસીને પડતા કેદ થયા છે. ચોમાસામાં સ્થિતિ વધુ જોખમી બને છે. રસ્તા પર ઢાળ અને લીસાપણાને કારણે બ્રેક મારવામાં પણ મુશ્કેલી પડે છે. રસ્તાના નિર્માણમાં કોન્ટ્રાક્ટર દ્વારા બેદરકારી રાખવામાં આવી હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. સ્થાનિકોમાં તંત્ર સામે નારાજગી જોવા મળી રહી છે. અકસ્માતો અટકાવવા તંત્ર તાત્કાલિક યોગ્ય અને નક્કર પગલાં ભરે તેવી માંગ ઉઠી છે.

નાજાપુર ગામના ડેમમાં સૌની યોજનાનું પાણી ભરવા ધારાસભ્યને રજૂઆત

વડિયા,તા.૨૪



વડિયા તાલુકાના નાજાપુર ગામમાં આગામી ઉનાળામાં પીવાના પાણીની અછત ન સર્જાય તે માટે કૌશિક પાનસૂરિયાએ ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયાને લેખિત રજૂઆત કરી છે. ઓછા વરસાદને ધ્યાનમાં રાખી ગામના ડેમમાં સૌની યોજનાની પાણીની લાઈન મારફતે પાણી ભરવાની માંગ કરી છે. અત્યારથી પાણીનો સંગ્રહ થાય તો ચોમાસા સુધી ગ્રામજનોને રાહત મળી શકે તેમ છે. આ અંગે સંબંધિત વિભાગમાં વહેલી તકે કાર્યવાહી કરવા રજૂઆત કરાઈ છે.

જનક તળાવીયાના પ્રયત્નોથી બાબરા શહેર માટે રૂ. ૯ કરોડના ખર્ચે અદ્યતન સામુહિક આરોગ્ય કેન્દ્ર મંજૂર

બાબરા,તા.૨૪



બાબરા શહેરમાં અંદાજિત રૂ. ૯ કરોડના ખર્ચે અદ્યતન સામુહિક આરોગ્ય કેન્દ્ર બનાવવાની મંજૂરી મળી છે. ધારાસભ્ય જનકભાઈ તળાવીયાની સતત રજૂઆતો અને પ્રયાસોના પરિણામે આ મહત્વપૂર્ણ સફળતા મળી છે. આ મંજૂરીથી બાબરા સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં આનંદની લાગણી પ્રસરી છે.નવા આરોગ્ય કેન્દ્રના નિર્માણથી સ્થાનિક લોકોને આધુનિક અને ગુણવત્તાયુક્ત સારવારની સુવિધા ઉપલબ્ધ થશે. અત્યાર સુધી આરોગ્ય સેવાઓ માટે અન્ય શહેરોમાં જવું પડતું હોવાથી લોકોને પડતી મુશ્કેલીમાં ઘટાડો થશે. સમયસર સારવાર, આરોગ્ય તપાસ અને જરૂરી તબીબી સેવાઓ સ્થાનિક સ્તરે મળી રહેશે.ધારાસભ્ય જનક તળાવીયાએ જણાવ્યું હતું કે, વિસ્તારના નાગરિકોને સારી આરોગ્ય સુવિધા મળે તે માટે સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. આ મંજૂરીથી બાબરા પંથકના આરોગ્ય માળખાને નવી દિશા મળશે. સ્થાનિક આગેવાનો અને ગ્રામજનોએ આ નિર્ણયને આવકાર્યો હતો.

ધારીનાં દહિડા-મોરઝર ગામને જોડતા નવા રસ્તાનું ખાતમુહૂર્ત

ધારી,તા.૨૪



તસવીર : સંજય વાળા

ધારી તાલુકામાં દહિડા ગામથી મોરઝર ગામ સુધીના નવા રસ્તાના નિર્માણ કાર્યનું મહાનુભાવોની ઉપસ્થિતિમાં શાસ્ત્રોક્ત વિધિથી ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ રસ્તો બનવાથી દહિડા, મોરઝર સહિત આસપાસનાં ગામોના લોકોને અવરજવરમાં સરળતા રહેશે. ખાસ કરીને ખેડૂતોને ખેતપેદાશોની હેરફેર તેમજ રોજિંદા પરિવહનમાં મોટી સુવિધા મળશે. રસ્તાના નિર્માણથી ગ્રામ્ય વિસ્તારના વિકાસને પણ વેગ મળશે.

લાઠીના દુધાળા-અકાળા ગામની સીમમાં પાણીમાં ડૂબતા બચાવવા પડેલાનું મોત, એક સારવારમાં

લાઠી,તા.૨૪

લાઠીના મતીરાળા ગામે રહેતા પ્રદીપભાઈ હિંમતભાઈ ડોડીયા (ઉં.વ. ૩૭) એ જાહેર કર્યા મુજબ, તેમનો દીકરો દક્ષ તા. ૨૩/૧૧/૨૬ ના બપોરના દોઢેક વાગ્યાના સમયે દુધાળા-અકાળા ગામની સીમમાં આવેલા તળાવના પાણીમાં ડૂબી રહ્યો હતો. તેને બચાવવા માટે પ્રદીપભાઈના નાના ભાઈ તળાવના પાણીમાં કૂદતાં, ઊંડા પાણીમાં ડૂબી જવાથી તેમનું મોત નીપજ્યું હતું. જ્યારે તેમના પુત્ર (દક્ષ) ને બચાવી લઈ સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. આ અંગે લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી. પી. ડોડીયા વધુ તપાસ કરી રહ્યા છે.

સાવરકુંડલાના જાબાળ ગામે બોલેરોની ટક્કરથી એકનું મોત

માતાની ફરિયાદ બાદ રૂરલ પોલીસે અકસ્માત અંગે તપાસ શરૂ કરી

સાવરકુંડલા,તા.૨૪

સાવરકુંડલાના જાબાળ ગામે બોલેરોની ટક્કરથી એકનું મોત થયું હતું. બનાવ અંગે રૂકમાબેન અજયભાઈ નીનામા (ઉં.વ.૨૩)એ બોલેરો ચાલક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીએ પોતાની બોલેરો ગાડી બેકાળજીપૂર્વક અને ગફલતભરી રીતે, માણસની જિંદગી જોખમાય તે રીતે ચલાવી તેમના દીકરા સાથે ભટકાવી દઈ તેનું મૃત્યુ નીપજાવ્યું હતું. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. એચ. એમ. અગ્રાવત વધુ તપાસ કરી રહ્યા છે.

અવસાન નોંધ

અમરેલી

સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ મુળ ચિતલ હાલ અમરેલી નિવાસી હર્ષિદાબેન ગુણવંતરાય દવે (ઉ.વ.૮૪) તે ઠાકોરલાલ ઓઘવજી દવે (મુબઇ)ના દિકરી અને સ્વ.ગુણવંતરાય વ્રજલાલ દવે (નિવૃત ઓડિટર)ના ધર્મપત્ની તથા સ્વ.રાજેશભાઈ (કેનેડા), કમલેશભાઈ (કેનેડા), અવિનાશભાઈ (જામનગર), ભરતભાઈ (અમરેલી), નિતીનભાઈ(પુના)ના માતૃશ્રી તથા દિનેશભાઈ (અમદાવાદ) અને હસમુખભાઈ (મુંબઈ)ના ભાભી તેમજ સરોજબેન, સ્વાતિબેનના સાસુ અને જાન્હવીના દાદીનું તા.૨૪ના રોજ અવસાન થયેલ છે સદગતનું બેસણું તા.૨૬ને ગુરૂવાર સાજે ૪ થી ૬ ખેડાવાળ બ્રાહ્મણ બ્રોર્ડિંગ વાડી, મ્યુનિસિપલ ગર્લ્સ હાઈસ્કૂલ સામે, અમરેલી ખાતે રાખેલ છે.









(જાહેર નોટીસ)

(મરણ નોંધના સમર્થનમાં)

ફો.પ.અ.નં. ૧૯૩/૨૦૨૬

મે લાઠીના જયુ. મેજી(ફ.ક) સાહેબની કોર્ટમાં મું.લાઠી

અરજદાર તર્ફે વિ.વ. શ્રી જી.સી. કોટડીયા રહે.લાઠી

અરજદાર :- કાકડીયા રશ્મિનભાઈ ગીરધરભાઈ, ઉ.વ.૫૧ ધંધો ખેતીકામ
ધર્મે હિન્દુ/પટેલ રહે. નાના રાજકોટ, તા.લાઠી, જી.અમરેલી હાલ સુરત

વિરૂધ્ધ

સામાવાળાનું : જન્મ મરણ નોંધણી અધિકારી ત.ક.મ.
નાના રાજકોટ ગ્રામ પંચાયત

આથી લાગતા વળગતા સર્વે ને જાણ કરવામાં આવે છે કે, ઉપરોકત અરજદાર પોતે. નાના રાજકોટ ગામના રહેવાસી છે. અમો અરજદારના દાદા **સ્વ.કાકડીયા વાલજીભાઈ દેવદાસભાઈ** ની મરણ નોંધ કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. અરજદારના દાદા **સ્વ. કાકડીયા વાલજીભાઈ દેવદાસભાઈ**નો મરણ જે તે સમયે. નાના રાજકોટ મુકામે અવસાન તારીખ.૨૩/૦૧/૧૯૩૬ના રોજ થયેલ છે. જે અંગેની મરણ નોંધણી કરાવવા માટે આ અરજી કરેલ છે. આ અરજી સામે કોઈને ને વાંધો/તકરાર કે હરકત હોય તેમણે મુદત તારીખ.૨૩/૧૨/૨૦૨૬ના રોજ અત્રેની કોર્ટ લાઠી તાલુકા ના જયુમેજી (ફ.ક) સાહેબની કોર્ટ ખાતે સવાર/બપોરના ૧૦:૩૦ કલાકે ઉપસ્થિત રહેવુ તેમ કરવામાં કસુર થયે આગળની યોગ્ય તે ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેશો.

કોર્ટનો સીક્કો
રજીસ્ટ્રર ઓફ લાઠી જયુ મેજી ફક કોર્ટ
મુ.લાઠી

સ્થળ:લાઠી
તારીખ:૨૦/૧૧/૨૦૨૬



તંત્રી લેખ

રાષ્ટ્રની રાજનીતિ એટલે લોકોના સપનાનું પ્રતિબિંબ

ભારતની રાજનીતિ એટલે માત્ર ચૂંટણી, પક્ષ કે સત્તા નથી. તે કરોડો લોકોના સપના, આશા અને અપેક્ષાઓનું જીવંત પ્રતિબિંબ છે. દેશના છેવાડાના ગામમાં રહેતા ખેડૂતથી લઈને મોટા શહેરમાં રહેતા યુવાન સુધી, દરેક વ્યક્તિને એવી અપેક્ષા છે કે રાજનીતિ તેના જીવનને વધુ સારું બનાવે. આપણી લોકશાહી દુનિયાની સૌથી મોટી લોકશાહી છે. અહીં દરેક વ્યક્તિને પોતાનો અવાજ ઉઠાવવાનો અધિકાર છે. આ અધિકાર જ આપણી સૌથી મોટી તાકાત છે. રાજનીતિ પર ઘણીવાર ટીકા થાય છે, આરોપો લાગે છે, પણ આપણે એ ભૂલવું ન જોઈએ કે આ જ રાજનીતિએ દેશને આઝાદી પછી એક રાખ્યો છે, વિકાસનો માર્ગ બતાવ્યો છે અને સામાન્ય માણસને સત્તાના કેન્દ્ર સુધી પહોંચાડ્યો છે. આ વાત કોઈ એક પક્ષની વાત નથી, તે રાષ્ટ્રની રાજનીતિની સકારાત્મક બાજુની વાત છે. તે એ વાત છે કે સારી રાજનીતિ કેવી રીતે દેશને આગળ લઈ જઈ શકે છે.

ભારતની લોકશાહી પર આખી દુનિયા ગર્વથી જુએ છે. અહીં જુદી જુદી ભાષા, ધર્મ, જાતિ અને વિચારધારા ધરાવતા લોકો એક સાથે રહે છે અને પોતાના પ્રતિનિધિને પસંદ કરે છે. મતદાનનો દિવસ એ તહેવાર જેવો હોય છે. ગરીબ હોય કે તવંગર, ભણેલો હોય કે ઓછું ભણેલો, દરેકનો મત એક સમાન ગણાય છે. આ સમાનતા જ આપણી લોકશાહીની સુંદરતા છે.

આપણું બંધારણ આપણને સમાનતા, સ્વતંત્રતા અને ન્યાયનો અધિકાર આપે છે. બંધારણના કારણે જ દરેક વ્યક્તિને પોતાના વિચારો વ્યક્ત કરવાની આઝાદી મળી છે. બંધારણ એ માત્ર કાયદાનું પુસ્તક નથી, તે દેશના આત્માનો અવાજ છે. તેમાં ગરીબની રક્ષા છે, મહિલાના અધિકાર છે, બાળકના ભવિષ્યની ચિંતા છે અને દરેક ધર્મના સન્માનની વાત છે. રાજનીતિ જ્યારે બંધારણના માર્ગે ચાલે છે, ત્યારે સમાજમાં વિશ્વાસ વધે છે. નેતા કોઈ પણ પક્ષના હોય, તેમણે બંધારણને સર્વોપરી માનવું જોઈએ. બંધારણ આપણને શીખવે છે કે સત્તા કરતાં સેવા મોટી છે અને પદ કરતાં ફરજ મોટી છે. જો આપણે બંધારણના મૂલ્યોને જીવનમાં ઉતારીશું, તો રાજનીતિ આપોઆપ સ્વચ્છ બનશે.

રાષ્ટ્રની રાજનીતિનો સાચો હેતુ વિકાસ છે. વિકાસ એટલે માત્ર મોટા રસ્તા, મોટી ઈમારતો કે મોટા કારખાના નથી. વિકાસ એટલે ગામમાં પાણી પહોંચવું, બાળકને સારી શાળા મળવી, બીમારને સારી હોસ્પિટલ મળવી અને યુવાનને રોજગાર મળવો. છેલ્લા વર્ષોમાં દેશમાં રસ્તા, વીજળી, પાણી, આરોગ્ય અને ડિજિટલ સેવાઓમાં મોટો ફેરફાર આવ્યો છે. ગામડામાં પણ હવે મોબાઈલથી કામ થાય છે, ખેડૂતને માહિતી મળે છે અને વિદ્યાર્થીને ઓનલાઈન ભણવાની તક મળે છે. આ વિકાસને આગળ વધારવો એ દરેક સરકારની અને દરેક નાગરિકની જવાબદારી છે. વિકાસની વાત જ્યારે સકારાત્મક રીતે થાય છે, ત્યારે સમાજમાં નવી ઉર્જા આવે છે. ટીકા કરવી સહેલી છે, પણ વિકાસમાં ભાગીદાર બનવું એ જ સાચી દેશભક્તિ છે.

ભારતની સૌથી મોટી તાકાત તેની એકતા છે. અહીં ગુજરાતી, હિન્દી, તમિલ, બંગાળી, મરાઠી, પંજાબી, બધા અલગ છે, પણ બધા ભારતીય છે. તહેવારો અલગ છે, પણ ઉજવણીનો આનંદ એક છે. રાજનીતિએ આ એકતાને તોડવાની નહીં, પણ જોડવાની હોવી જોઈએ. જ્યારે દેશ પર કોઈ સંકટ આવે છે, ત્યારે આપણે બધા એક થઈ જઈએ છીએ. આ એકતા જ આપણી ઓળખ છે. કોઈ પણ નેતા કે પક્ષ જ્યારે એકતાની વાત કરે છે, ત્યારે દેશ મજબૂત બને છે. આપણે જાતિ, ધર્મ અને પ્રદેશથી ઉપર ઉઠીને દેશને પહેલા રાખવો જોઈએ. વિવિધતામાં એકતા એ આપણી પરંપરા છે અને રાજનીતિની સાચી કસોટી ગામમાં થાય છે. સરપંચ, તલાટી, ધારાસભ્ય અને સાંસદ, આ બધા એક સાંકળના ભાગ છે. જો ગામનો સરપંચ સારું કામ કરે, તો ગામ સુધરે. ગામ સુધરે, તો તાલુકો સુધરે અને તાલુકો સુધરે, તો દેશ સુધરે.

જીરા ગામમાં ડિજિટલ વોટર ફિલ્ટર પ્લાન્ટનું લોકાર્પણ, ગ્રામજનોને હવે રૂ. પાંચમાં મળશે ૨૦ લીટર શુધ્ધ પાણી

સાવરકુંડલા,તા.૨૪

સાવરકુંડલા તાલુકાના જીરા ગામમાં વિકાસની નવી પહેલરૂપે ડિજિટલ વોટર ફિલ્ટર પ્લાન્ટનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. ખારા પાટ વિસ્તારમાં આવેલા ગામમાં ક્ષારયુક્ત અને ધૂંધળા પાણીની સમસ્યાને ધ્યાનમાં રાખીને જિલ્લા પંચાયત પ્રમુખ દક્ષાબેને પોતાની ગ્રાન્ટમાંથી આ સુવિધા


તસવીર : સૌરભ દોશી

ઊભી કરી છે. હવે ગ્રામજનોને માત્ર પાંચ રૂપિયાના ટોકન દરે કાર્ડ સ્વેચ કરીને ૨૦ લીટર શુધ્ધ પાણી મળશે. અગાઉ તેઓ સરપંચ હતાં ત્યારે હોસ્પિટલ, શાળા, સીસી રોડ, બ્લોક પેવર, સીસીટીવી, સ્ટ્રીટલાઈટ અને ગટર સહિતનાં વિકાસકાર્યો કરાવ્યાં હતાં. ગામના વિકાસમાં દાતાઓનું પણ મહત્વનું યોગદાન રહ્યું છે. ધારાસભ્ય મહેશ કસવાળાએ આ પહેલને આવકારી તાલુકાનાં અન્ય ગામોમાં પણ આવા પ્લાન્ટ શરૂ કરવાની દિશામાં વિચારણા વ્યક્ત કરી હતી.

સા.કુંડલા તાલુકાના નેસડી ગામે ખેડૂતને ઢીકાપાટુનો માર માર્યો

સાવરકુંડલા,તા.૨૪

સાવરકુંડલાના નેસડી ગામે એક ખેડૂતને ઢીકાપાટુનો માર માર્યો હોવાની ઘટના બની છે. આ અંગે અન્નુભાઈ મોરભાઈ વેકરિયા (ઉં.વ.૬૦)એ હિરેન ગૌતમભાઈ મકવાણા, ભૌતિક ગૌતમભાઈ મકવાણા તથા ભાવિકાબેન ગૌતમભાઈ મકવાણા સામે ફરિયાદ નોંધાવી છે. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, અગાઉ આરોપી હિરેન ગૌતમભાઈ મકવાણા સાથે બાઈક સરખું ચલાવવા બાબતે માથાકૂટ થઈ હતી. તેનું મનદુઃખ રાખી આરોપીઓએ બે મોટરસાયકલ ઉપર લાકડી તથા પાઈપ લઈ આવી તેમને ગાળો આપી હતી, તેમજ શરીરે વાંસામાં લાકડીથી તથા ઢીકાપાટુનો માર મારી મૂઢ ઈજા પહોંચાડી હતી. આ ઉપરાંત, સાહેદ યુનુસભાઈને પણ હાથે કાંડાના (પહોંચાના) ભાગે મૂઢ ઈજા કરી હતી. આ મામલે સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના પીએસઆઈ એચ. એમ. અગ્રાવત વધુ તપાસ કરી રહ્યા છે.

લેન્ડગ્રેબિંગની અરજી મુદ્દે પિયાવાના ખેડૂતને જાનથી મારવાની ધમકી અપાઈ

સાવરકુંડલા,તા.૨૪

સાવરકુંડલાના પિયાવા ગામે એક ખેડૂતને લેન્ડગ્રેબિંગની ફરિયાદ મુદ્દે જાનથી મારવાની ધમકી આપવામાં આવી હતી. કાળુભાઈ હરજીભાઈ ઉચદડીયા (ઉં.વ.૬૪)એ જગુભાઈ દેવાયતભાઈ ભુવા તથા શિવરાજભાઈ જગુભાઈ ભુવા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમણે આરોપીઓ વિરુધ્ધ સાવરકુંડલા પ્રાંત કચેરીમાં લેન્ડગ્રેબિંગની અરજી કરી હતી. જેની મુદત માટે તેઓ તથા તેમનો ભત્રીજો સાવરકુંડલા પ્રાંત કચેરી ખાતે ગયા હતા. ત્યાં બંને આરોપીઓએ આવીને જેમ ફાવે તેમ ગાળો બોલી ઝઘડો કરવા લાગ્યા હતા. જગુભાઈ લાકડાની પટ્ટી લઈ તેમને મારવા દોડ્યા હતા અને શિવરાજભાઈએ જતાં-જતાં જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ જે. એલ. મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

ખાંભાના સમઢીયાળા ગામે દારૂની બાતમી આપ્યાના મનદુઃખમાં સામસામી જાનથી મારી નાખવાની ધમકીની પોલીસ ફરિયાદ

ખાંભા,તા.૨૪

ખાંભાના ઓઢાબાપુનું સમઢીયાળા ગામે દારૂની બાતમી આપ્યાના મનદુઃખમાં સામસામી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ હતી. મહીપતભાઈ ભાણકુભાઈ વાળા (ઉં.વ.૩૭)એ હાર્દિકભાઈ મધુભાઈ ખુમાણ, નાગરાજભાઈ મધુભાઈ ખુમાણ અને ઉદયભાઈ બીશુભાઈ ધાંધલ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, હાર્દિકભાઈ ખુમાણના ઘરે આજથી આશરે પાંચેક મહિના પહેલાં ઈંગ્લિશ દારૂની રેડ પડી હતી. તે રેડની બાતમી તેમણે પોલીસને આપી છે તે વાતનું મનદુઃખ રાખી આરોપીઓએ તેમને શરીરે આડેધડ ઢીકાપાટુનો મૂઢ માર મારી, જેમ ફાવે તેમ બિભત્સ ગાળો આપી હતી. તેમજ છૂટા પથ્થરનો ઘા કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે બાદ હાર્દિકભાઈ મધુભાઈ ખુમાણ (ઉં.વ.૨૪)એ મહીપતભાઈ ભાણકુભાઈ વાળા (ઉં.વ.૩૭) સામે નોંધાવેલી સામી ફરિયાદ પ્રમાણે, તેઓ ઘરેથી જમીને ગામમાં માવો લેવા માટે જતા હતા ત્યારે આરોપીએ જેમ ફાવે તેમ ગાળો આપી શરીરે આડેધડ ઢીકાપાટુનો મૂઢ માર માર્યો હતો.

ઉપરાંત જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ. પી. ધાંધલ વધુ તપાસ કરી રહ્યા છે.

અમરેલી-બગસરા રોડ પર મોટર સાયકલ ચાલકે મહિલાને ઢસડતા ઈજા પહોંચી

અમરેલી,તા.૨૪

અમરેલી-બગસરા રોડ પર મોટરસાઈકલ ચાલકે અકસ્માત સર્જી મહિલાને ૨૦ ફૂટ સુધી ઢસડ્યાં હતાં. ગૌરવભાઈ પ્રાણજીવનદાસ અગ્રાવત (ઉં.વ. ૩૭)એ જી.જે. ૧૪ બી.જે. ૯૦૪૯ નંબરના મોટરસાઈકલ ચાલક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તથા તેમનાં બહેન મોટરસાઈકલ લઈને ખરીદી કરી અમરેલીથી પોતાના ગામ જતાં હતાં. તે દરમિયાન અમરેલી-બગસરા રોડ પર બાલાજી હનુમાન મંદિર પાસે આવેલી સહજાનંદ હોટલ ખાતે તેમણે પોતાની બાઈક પરથી તેમનાં બહેનને ઉતાર્યાં હતાં. તેઓ બાઈક પાર્ક કરતા હતા ત્યારે તેમનાં બહેન રોડ ક્રોસ કરીને તેમની પાસે આવતાં હતાં.

બહેન રોડ ક્રોસ કરીને રોડની સાઈડમાં પહોંચતાં જ આરોપીએ પોતાના હવાલાની મોટરસાઈકલ બેફિકરાઈથી ચલાવી તેમનાં બહેન સાથે ભટકાવી હતી અને આશરે વીસેક ફૂટ જેટલાં ઢસડ્યાં હતાં, જેમાં તેમને ગંભીર ઈજાઓ થઈ હતી. આ અંગે અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ધનજીભાઈ ખોડાભાઈ પરમાર વધુ તપાસ કરી રહ્યા છે.

બાબરાના વાંકીયા ગામે માતાએ ઘરકામ બાબતે ઠપકો આપતાં દીકરીએ ઝેરી દવા પીતા મોત

બાબરા,તા.૨૪

બાબરાના વાંકીયા ગામે માતાએ ઘરકામ બાબતે ઠપકો આપતાં દીકરીએ ઝેરી દવા પી લેતા તેને સારવાર અર્થે ખસેડાઈ હતી, જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું.

બનાવ અંગે મહેશભાઈ હરજીભાઈ કટેશીયા (ઉં.વ.૨૮)એ જાહેર કર્યા મુજબ, ગાયત્રીબેન કટેશીયા (ઉં.વ. ૨૪)ને તેમની માતાએ ઘરકામ કરવા બાબતે ઠપકો આપતા તેમને મનમાં લાગી આવ્યું હતું. જેથી તેણે ઘઉંમાં નાખવાની ટીકડી ખાઈ લેતા સારવાર દરમિયાન તેમનું મરણ નીપજ્યું હતું. બાબરા પોલીસ સ્ટેશનના એ.એસ. આઈ. જે. આર. દાંતી વધુ તપાસ કરી રહ્યા છે.

સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

રાજકોટ

કપાસ બી.ટી.	૧૭૯૬	૧૯૦૯
ઘઉં લોકવન	૫૮૭	૬૭૦
ઘઉં ટુકડા	૫૯૦	૭૫૭
જુવાર સફેદ	૧૧૫૦	૧૮૦૫
જુવાર પીળી	૫૦૦	૫૭૧
બાજરી	૪૮૫	૫૫૦
તુવેર	૧૪૨૦	૨૯૮૫
ચણા પીળા	૧૪૫૦	૧૫૨૦
ચણા સફેદ	૧૬૫૦	૨૩૬૦
અડદ	૧૪૦૦	૧૯૮૯
મગ	૧૪૦૦	૧૮૧૫
વાલ દેશી	૪૦૦	૧૬૪૯
ચોળી	૧૧૯૦	૨૦૦૧
મઠ	૧૮૧૦	૨૩૯૦
વટાણા	૫૨૪	૧૦૦૦
કળથી	૬૭૦	૧૫૪૧
રાજમા	૧૮૦૦	૨૪૬૭
સીંગદાણા	૧૮૫૦	૨૦૫૨
મગફળી જાડી	૧૨૧૫	૧૭૨૧
મગફળી જીણી	૧૨૫૫	૧૮૧૫
તલી	૨૮૦૦	૩૨૨૪
એરંડા	૧૩૫૦	૧૫૩૮
અજમો	૩૨૦૫	૩૬૫૦
સુવા	૧૮૩૧	૧૮૩૧
સોયાબીન	૧૪૮૦	૧૫૭૯
સીંગફાડા	૧૬૪૦	૨૦૦૦
કાળા તલ	૩૦૦૦	૪૦૪૦
લસણ	૧૨૪૧	૨૫૬૦
ધાણા	૨૮૫૦	૩૦૫૦
મરચા સુકા	૩૧૦૦	૬૦૧૦
ધાણી	૨૯૦૦	૩૦૬૦
વરીયાળી	૨૦૦૫	૩૦૧૧
જીરૂ	૪૭૦૦	૫૦૫૪
રાય	૧૬૫૦	૧૯૫૬
મેથી	૧૩૫૦	૨૧૭૫
ઇસબગુલ	૨૭૪૦	૨૭૪૦
અશેરીયો	૧૫૩૧	૧૫૩૧
ક્લોંજી	૪૭૦૦	૫૨૧૦
રાયડો	૧૨૦૦	૧૮૩૬
રજકાનું બી	૪૨૫૦	૬૭૦૦
ગુવારનું બી	૧૫૦૦	૧૬૫૦

રાજકોટ (શાકભાજી)

લીંબુ	૬૧૦	૧૨૦૫
પપૈયા	૨૧૦	૪૧૦
બટેટા	૭૩	૨૯૮
ડુંગળી સુકી	૩૧૧	૭૨૧
ટમેટા	૨૮૩	૫૭૬
સુરણ	૩૯૬	૬૦૨
કોથમરી	૭૫૪	૯૯૪
મૂળા	૩૨૧	૫૧૪
રીંગણા	૨૮૯	૫૯૨
કોબીજ	૨૦	૮૦
ફ્લાવર	૨૧૩	૪૦૬
ભીંડો	૬૧૯	૯૯૭
ગુવાર	૭૪૪	૧૧૭૯
ચોળાસીંગ	૮૦૧	૧૦૨૬
વાલોળ	૫૩૭	૭૮૪
ટીંડોરા	૨૮૭	૬૦૩
દુધી	૩૧૬	૫૮૩
કારેલા	૧૯૯	૩૮૫
સરગવો	૫૬૭	૧૦૯૩
તુરીયા	૬૨૦	૧૦૧૦
પરવર	૪૬૬	૭૩૨
કાકડી	૫૩૪	૯૧૮
ગાજર	૩૫૧	૫૯૬
વટાણા	૯૧૧	૧૧૯૨
તુવેરસીંગ	૫૮૪	૭૬૫
ગલકા	૪૨૦	૬૧૫
બીટ	૧૧૨	૩૫૭
મેથી	૩૩૬	૫૨૧
વાલ	૯૫૯	૧૩૮૬
ડુંગળી લીલી	૨૯૪	૫૧૭
આદુ	૯૧૫	૧૨૦૫
ચણા લીલા	૩૦૫	૯૧૦
મરચા લીલા	૨૬૦	૫૭૫
હળદર લીલી	૪૦૭	૬૧૨
લસણ લીલું	૨૩૫૧	૪૨૬૮
મકાઇ લીલી	૨૧૮	૩૩૧

ગોંડલ

કપાસ	૧૭૦૧	૧૯૦૬
ઘઉં લોકવન	૬૦૨	૬૩૨
ઘઉં ટુકડા	૫૮૦	૭૨૦
મગફળી જીણી	૧૧૦૧	૧૭૬૬
સિંગ ફાડીયા	૯૦૦	૨૧૧૧
એરંડા / એરંડી	૧૨૭૬	૧૫૮૬
જીરૂ	૨૫૦૦	૫૧૭૧
ક્લોંજી	૨૭૫૧	૫૧૦૧
ધાણા	૨૭૦૦	૩૧૭૧
અડદ	૧૦૦૦	૨૦૦૦
તુવેર	૬૭૬	૧૯૬૧
મેથી	૧૦૫૧	૧૩૭૬
મગફળી જાડી	૧૦૫૧	૧૭૮૧
તલ - તલી	૨૮૫૧	૩૨૪૧
ધાણી	૨૮૦૦	૩૧૯૧
ડુંગળી સફેદ	૨૦૧	૪૨૬
બાજરો	૫૨૧	૫૨૧
મકાઇ	૬૦૧	૬૩૧
મગ	૧૧૫૧	૧૮૨૧
વાલ	૬૦૧	૧૭૧૧
ચોળા / ચોળી	૧૪૨૬	૧૪૨૬
ગોગળી	૭૦૦	૧૪૦૧
વટાણા	૪૦૦	૭૯૧

ગોંડલ (શાકભાજી)

ટમેટા	૨૦૦	૫૦૦
મરચા	૧૮૦	૮૦૦
ગુવાર	૨૦૦	૧૪૪૦
કોબી	૪૦	૧૨૦
દુધી	૨૦૦	૭૦૦
ફ્લાવર	૩૦	૨૪૦
કાકડી	૨૦૦	૧૦૦૦
રીંગણા	૬૦	૫૦૦
ભીંડો	૨૦૦	૧૨૦૦
ગલકા	૨૦૦	૮૦૦
ગાજર	૨૦૦	૧૧૦૦
ટિંડોરા	૨૦૦	૬૦૦
તુવેર	૨૦૦	૧૧૦૦
વાલ	૨૦૦	૧૪૦૦
વટાણા	૨૦૦	૧૨૦૦
શક્કરીયા	૩૦૦	૧૦૦૦
કેરી કાચી	૧૪૦૦	૨૪૦૦
બટેટા	૧૩૦	૨૫૦
આંબળા	૨૦૦	૬૦૦
લીલી હળદર	૩૦૦	૮૦૦
ડુંગળી પુરા	૫	૨૦
કોથમીર પુરા	૨	૧૦
મૂળા પુરા	૫	૧૫
ફુદીનો પુરા	૨	૧૦
શેરડી	૨૦૦	૩૦૦
પચકારુ	૨૦૦	૩૦૦
ચૂરણ	૨૦૦	૮૦૦
પરવર	૧૦૦૦	૧૨૦૦
નારીયેળ	૫૦૦	૬૦૦
ઘીસોડા	૨૦૦	૧૨૦૦
લીંબુ	૨૦૦	૧૧૦૦
મેથી પુરા	૧	૭
બીટ પુરા	૫	૧૫
સરગવો પુરા	૨૫	૫૦
ચોરા	૨૦૦	૯૬૦
કારેલા	૨૦૦	૫૦૦
વાલોળ	૨૦૦	૭૦૦
કાચા પોપૈયા	૪૦	૩૦૦
આદુ	૨૦૦	૧૪૦૦
કુણશી	૧૬૦૦	૨૦૦૦
મકાઇ ડોડા	૨૦૦	૪૦૦
લસણ પુરા	૧૫	૩૦
પાલક પુરા	૨	૫

અમરેલી

શિંગ મઠડી	૧૪૨૫	૧૪૯૫
ગીરનાર શિંગ	૧૦૪૦	૧૫૫૦
શિંગ મોટી	૧૦૦૦	૧૬૦૫
શિંગ દાણા	૧૨૦૦	૨૦૦૦
શિંગ દાણા ફાડા	૧૫૪૦	૧૮૩૦
તલ સફેદ	૨૭૦૫	૩૭૨૦
કાળા તલ	૨૬૩૦	૪૧૭૦
તલ કાશમીરી	૩૨૫૦	૩૨૫૦
બાજરો	૩૨૫	૫૮૦
જુવાર	૪૦૦	૧૬૯૫
ઘઉં ટુકડા	૫૦૦	૭૫૫
ઘઉં લોકવન	૫૭૫	૬૪૫
મકાઈ	૩૭૦	૬૭૦
મગ	૧૦૧૦	૧૦૧૦
અડદ	૧૧૧૦	૧૬૮૫
ચણા	૧૧૪૦	૧૫૧૦
સફેદ ચણા	૧૩૬૦	૧૫૧૫
છોલે ચણા	૧૨૦૦	૧૯૧૫
વટાણા	૬૬૦	૬૬૦
તુવેર	૧૧૭૦	૧૫૮૫
કપાસ	૧૬૯૦	૧૯૨૫
જીરૂ	૪૦૦૦	૫૧૦૦
રાય	૧૮૧૫	૧૮૧૫
ધાણી	૨૫૦૦	૩૨૦૦
સોયાબીન	૧૨૦૦	૧૫૬૦
રજકાનું બી	૨૭૨૦	૯૧૫૦
મરચાં લાંબા	૩૨૦૦	૫૫૦૦

અમરેલી (શાકભાજી)

બટેટા	૧૫૦	૨૮૦
રીંગણા	૩૦૦	૬૦૦
ફ્લાવર	૨૦૦	૨૫૦
કોબીજ	૮૦	૧૩૦
શક્કરીયા	૮૨૦	૯૩૦
ટમેટાં	૩૫૦	૪૫૦
સુરણ	૯૦૦	૧૦૦૦
ગાજર	૬૦૦	૭૦૦
દુધી	૩૦૦	૪૦૦
કારેલા	૪૨૦	૫૨૦
ગલકા	૬૦૦	૭૦૦
મૂળા	૨૨૦	૨૭૦
કાકડી	૫૧૦	૮૦૦
ગુવાર	૬૦૦	૮૨૦
વાલોળ	૪૫૦	૫૫૦
વટાણા	૮૦૦	૧૦૦૦
ચોળા લીલા	૫૨૦	૬૩૦
તુરીયા	૯૫૦	૯૯૦
લીલી તુવેર	૫૫૦	૮૩૦
વાલ	૧૧૦૦	૧૨૦૦
ભીંડો	૭૦૦	૮૦૦
હળદર લીલી	૭૨૦	૮૩૦
આદુ	૧૦૦૦	૧૦૮૦
કોથમીર	૬૦૦	૮૦૦
મેથીભાજી	૪૦૦	૫૦૦
ફુદીનો	૬૫૦	૭૮૦
ટીંડોરા	૫૩૦	૬૦૦
બીટ	૫૦૦	૬૦૦
ચીભડા	૫૦૦	૯૦૦
સરગવો	૪૫૦	૭૯૦
લીમડો મીઠો	૧૭૦	૧૯૦
મરચાં લીલાં	૫૦૦	૮૨૦
મરચાં લાલ	૫૦૦	૧૧૦૦
ડુંગળી લીલી	૪૨૦	૫૩૦
ડુંગળી સુકી	૨૦૦	૭૦૦
લસણ લીલું	૪૦૦૦	૫૦૦૦
લસણ સુકું	૧૨૦૦	૨૫૦૦
પાલક	૪૨૦	૫૦૦
લીંબુ	૮૦૦	૧૦૦૦
મકાઈ	૩૫૦	૪૦૦

સાવરકુંડલા

શીંગ જીણી	૧૩૨૫	૧૬૫૦
શીંગ મોટી	૧૩૫૦	૧૭૦૦
તલ સફેદ	૨૯૦૦	૩૬૦૦
તલ કાળા	૩૨૫૦	૩૯૫૦
જીરૂ	૪૨૫૦	૫૦૦૦
કપાસ	૧૮૬૦	૧૯૧૫
ઘઉં લોકવન	૫૬૧	૬૧૦
ઘઉં ટુકડા	૫૭૦	૬૪૦
બાજરો	૫૦૦	૬૦૨
જુવાર	૧૪૫૦	૧૬૮૨
અડદ	૧૮૦૦	૧૯૬૬
ચણા	૧૩૨૫	૧૪૭૦
તુવેર	૧૫૦૦	૧૭૦૧
ધાણા	૨૯૦૦	૩૧૦૦
સોયાબીન	૧૪૦૦	૧૫૦૪

બાબરા

કપાસ	૧૮૬૦	૧૯૪૦
કપાસ મીડી.	૧૭૫૧	૧૮૭૦
મગફળી	૧૩૭૦	૧૫૨૧
તલ કાળા	૩૨૮૦	૩૭૯૦
જીરૂ	૪૫૦૦	૪૯૭૦
ચણા	૧૪૪૦	૧૪૮૦
ઘઉં	૬૦૧	૬૮૦
અડદ	૧૮૨૧	૧૯૧૨
સોયાબીન	૧૫૧૧	૧૫૩૫

બગસરા

કપાસ	૧૮૫૬	૧૯૩૦
ઘઉં લોકવન	૫૭૩	૬૨૦
ઘઉં ટુકડા	૫૮૦	૫૮૦
મગફળી	૧૧૪૫	૧૩૯૪
ચણા	૧૩૨૫	૧૪૭૦
સોયાબીન	૧૨૫૫	૧૫૩૫
જુવાર	૧૩૩૫	૧૩૩૫
તુવેર	૧૧૯૫	૧૬૬૦
ચણા સફેદ	૧૦૫૦	૧૩૯૦
ધાણા	૨૭૫૦	૩૦૫૦
લસણ	૧૦૦૦	૧૫૩૦
અડદ	૧૮૫૦	૧૯૦૦
મકાઈ	૪૦૦	૪૦૦
તલ સફેદ	૨૮૦૦	૩૨૬૦
એરંડી	૧૪૫૦	૧૪૫૦
મગ	૧૧૧૦	૧૧૧૦
છોલે ચણા	૧૫૯૫	૧૫૯૫

ધારી

કપાસ A	૧૭૦૧	૧૮૭૭
મગફળી	૧૧૧૦	૧૫૨૦
ઘઉં	૬૦૦	૬૦૦
ચણા	૧૩૭૦	૧૪૭૯
શીંગ દાણા	૧૬૫૧	૧૬૫૧
ધાણા	૨૮૫૦	૨૮૭૫
એરંડા	૧૪૫૦	૧૪૫૦
સોયાબીન	૧૪૫૦	૧૪૫૦

મહુવા

શીંગ ગીરનાર	૧૧૦૦	૧૬૦૦
શીંગ ૬૬	૧૩૦૦	૧૭૮૫
શીંગ ૩૯	૧૦૦૦	૧૬૧૨
શીંગ જી-૨૦	૧૨૦૦	૧૬૭૫
એરંડા	૧૧૪૦	૧૧૪૦
જુવાર	૪૮૬	૧૩૫૦
બાજરી	૫૦૦	૬૦૬
બાજરો	૭૦૦	૧૮૦૦
ઘઉં ટુકડા	૫૩૧	૭૧૨
મકાઈ	૬૦	૬૨૭
અડદ	૧૦૭૦	૧૮૫૦
મગ દેશી	૧૧૦૦	૩૦૨૦
સોયાબીન	૧૫૧૫	૧૫૭૨
લસણ	૨૨૫૦	૨૪૫૦
ચણા	૧૩૮૫	૧૩૯૨
તલ સફેદ	૨૯૪૦	૩૫૭૫
તલ કાળા	૩૪૦૦	૪૧૦૭
તુવેર	૧૫૦૦	૧૮૦૦
જીરૂ	૪૭૦૦	૪૭૦૦
અજમો	૨૬૧૦	૫૪૨૫
અજમાની ભૂસી	૫૦	૨૧૦૦
કપાસ શંકર	૧૭૭૫	૧૮૨૧
નાળીયેર	૫૦૪	૩૨૯૦

ખાંભા

કપાસ	૧૭૫૦	૧૮૯૦
મગફળી	૧૩૦૦	૧૪૪૦
ચણા	૧૩૫૧	૧૪૧૧
તલ સફેદ	૩૦૦૦	૩૦૭૫
સોયાબીન	૧૪૦૪	૧૫૧૧
અડદ	૧૬૩૧	૧૬૩૧
મગ	૧૬૭૫	૧૬૭૫

રાજુલા

શીંગ	૧૨૦૦	૧૫૧૬
તલ સફેદ	૧૮૦૦	૩




06

લાગે તો તીર :-બજારમાં જઈને શાકભાજી અને મેથીની ભાજી લઈ આવો.

હિંદુઓની વસ્તી વધારવાનો ઉપાય શું ?

એક દાયકા પછી દુનિયા પર મુસ્લિમોનું રાજ હશે ?

વિશ્વમાં વસતી વધારાના ટ્રેન્ડ પર રિસર્ચ કરતી અમેરિકન એજન્સી પ્યૂ રિસર્ચ સેન્ટરના અહેવાલમાં દાવો કરાયો છે કે, ૨૦૩૫ સુધીમાં ઈસ્લામ વિશ્વનો સૌથી મોટો ધર્મ બની જશે અને ખ્રિસ્તીઓ બીજા નંબરે આવી જશે. આ રીપોર્ટ પ્રમાણે, ૨૦૩૫ સુધીમાં વિશ્વમાં મુસ્લિમોની સંખ્યા ૨.૫૭ અબજ થઈ જશે જ્યારે ખ્રિસ્તીઓ ૨.૫૨ અબજ સાથે બીજા નંબરે આવી જશે.



૨૦૨૦માં વિશ્વમાં મુસ્લિમોની વસ્તી ૨.૦૨ અબજ હતી, જે ૨૦૩૫ સુધીમાં વધીને ૨.૫૭ અબજ થશે અને ૨૦૭૦ સુધીમાં ૩.૬ અબજથી વધુ થવાનો અંદાજ છે. આમ ૨૦૨૦ થી ૨૦૭૦ વચ્ચે મુસ્લિમ વસ્તીમાં લગભગ ૮૦ ટકા વધારાનો અંદાજ છે.

ઈસ્લામ દુનિયામાં સૌથી વધારે વસતી ધર્મ દેશ બની જશે તેના માટે બે કારણો મુખ્યત્વે જવાબદાર છે. પહેલું કારણ મુસ્લિમ મહિલાઓનો ઉંચો પ્રજનન દર છે. વૈશ્વિક સ્તરે મુસ્લિમ મહિલાઓની બાળકો પેદા કરવાની સરેરાશ ૩.૧ બાળકની છે જ્યારે ખ્રિસ્તી મહિલાઓની સરેરાશ ૨.૫ બાળકોની છે. બીજા ધર્મની મહિલાઓ તો રેસમાં જ નથી કેમ કે મુસ્સિમ અને ખ્રિસ્તી સિવાયના બીજા બધા ધર્મોની મહિલાઓની સરેરાશ ૨થી પણ ઓછી છે. આ કારણે મુસ્લિમોની વસતી બીજાં ધર્મોના પ્રમાણમાં વધારે ઝડપથી વધશે,

બીજું કારણ ખ્રિસ્તી ધર્મનાં લોકોમાં વધી રહેલી નાસ્તિકતા છે. ખ્રિસ્તીઓમાં મહિલાદીઠ ૨.૮ બાળકોની સરેરાશ છે પણ ખ્રિસ્તીઓ મોટા પ્રમાણમાં નાસ્તિક બની રહ્યા છે. ખ્રિસ્તીઓનો સૌથી મોટો દેશ અમેરિકા છે અને અમેરિકામાં ૨૦૨૦ સુધીમાં ખ્રિસ્તીઓની વસતી કુલ વસતીમાં ૫૦ ટકાથી પણ ઓછી હશે. અમેરિકા સિવાય ફ્રાન્સ, જર્મની, યુકે, કેનેડા સહિતના દેશોમાં ખ્રિસ્તીઓને ધર્મમાં રસ ઘટી રહ્યો છે તેથી ખ્રિસ્તીઓની વસતી ધાર્યા પ્રમાણમાં નહીં વધે. આવનારાં ૫૦ વર્ષમાં ખ્રિસ્તીઓની વસ્તીમાં ૩૦ ટકાનો વધારો થવાની શક્યતા છે.

મુસ્લિમોની વસતી વધવા છતાં મુસ્લિમોનું દુનિયા પર રાજ નહીં હોય. કેમ કે હવે તલવાર લઈને યુધ્ધ લડવાનો સમય નથી. અત્યારે આર્થિક તાકાત અને ટેકનોલોજી પર પ્રભુત્વ મહત્વનું છે. મુઠ્ઠીભર આરબ દેશોને બાદ કરતાં બાકીના મુસ્લિમ દેશો ભૂખડી બારસ છે અને ટેકનોલોજીમાં ઢ છે. ભારત સહિતના થોડાક દેશોને બાદ કરતાં બીજા દેશોના મુસ્લિમો તો શિક્ષિત પણ નથી તેથી માત્ર વધારે વસતીના જોરે મુસ્લિમો દુનિયા પર રાજ નહીં કરી શકે,

■■■

હિંદુઓની વસતીનો સીનેરિયો શું છે ?

પ્યૂ રિસર્ચ સેન્ટરના અહેવાલપ્રમાણે, ૨૦૨૦માં વિશ્વભરમાં લગભગ ૧.૨ અબજ હિન્દુઓ હતા અને વૈશ્વિક વસ્તીમાં હિંદુઓનું પ્રમાણ આશરે ૧૫ ટકા હતું. આ પૈકી લગભગ ૧.૧ અબજ એટલે કે ૯૫% ટકા હિંદુ ભારતમાં રહેતા હતા. વિશ્વના કુલ હિંદુઓમાંથી લગભગ ૯૯% હિન્દુઓ એશિયા-પેસિફિક ક્ષેત્રમાં વસે છે.

પ્યૂ રિસર્ચ સેન્ટરના અંદાજ મુજબ, ૨૦૭૦ સુધીમાં વૈશ્વિક હિન્દુ વસ્તીમાં લગભગ ૧૯.૯ કરોડનો વધારો થશે અને હિંદુઓની કુલ વસતી ૧૪૦ કરોડ સુધી પહોંચી શકે છે પણ વિશ્વની કુલ વસ્તીમાં હિંદુઓનું પ્રમાણ ઘટશે કેમ કે હિંદુઓની સરખામણીમાં ખ્રિસ્તી અને મુસ્લિમોની વસ્તી વધારે પ્રમાણમાં વધવાની છે. આ કારણે વિશ્વની કુલ વસ્તીમાં હિંદુઓનો હિસ્સો હાલના ૧૫ ટકાથી ઘટીને ૧૪ ટકા થઈ શકે છે.

હિંદુઓની સૌથી વધારે વસતી ભારતમાં ૧૧૦ કરોડ છે. એ પછી બીજા નંબરે નેપાળમાં ૨. ૨૦ કરોડ હિંદુઓ છે. બાંગ્લાદેશમાં ૧.૩૦ કરોડ, પાકિસ્તાનમાં ૫૦ લાખ અને ઈન્ડોનેશિયામાં ૪૦ લાખ હિંદુ છે. આ રિપોર્ટ પ્રમાણે, ૨૦૭૦ સુધીમાં હિંદુઓની વસ્તીમાં વધારો થશે પણ ભારતની કુલ વસ્તીમાં હિંદુઓનું પ્રમાણ ઘટશે જ્યારે મુસ્લિમોનું પ્રમાણ વધશે. આ અભ્યાસ પ્રમાણે ૨૦૭૦ સુધીમાં ભારતની કુલ વસ્તીમાં હિંદુઓ ૭૬ ટકા હશે. આ પ્રમાણ અત્યારે ૭૯ ટકા છે.



બ્રેકિંગ પોઈન્ટ

નેહા શર્મા

દેશની વસ્તીમાં મુસ્લિમોનો હિસ્સો ૧૫ ટકાથી વધીને ૨૦ ટકા થશે. ૨૦૨૦ થી ૨૦૭૦ દરમિયાન ભારતમાં હિંદુઓની વસતીમાં ૧૭.૬૦ કરોડનો વધારો થવાનો અંદાજ છે પણ હિંદુઓની વસ્તી વધવા છતાં પ્રમાણ ઘટશે. ૨૦૨૦માં ભારતની વસ્તીમાં ૭૯.૪ ટકા હિંદુ છે તે ઘટીને ૨૦૭૦માં ૭૫.૮ ટકા થવાનો અંદાજ છે.

અત્યારે વિશ્વમાં ભારત અને નેપાળ બે જ દેશો હિંદુ બહુમતી ધરાવતા દેશો છે. ૨૦૭૦ માં પણ હિન્દુ બહુમતી ધરાવતા દેશો ભારત અને નેપાળ જ હશે તેવું અનુમાન છે.

આ રીપોર્ટમાં એક નોંધપાત્ર અને હિંદુઓએ ગર્વ લેવા જેવી વાત એ છે કે, હિન્દુ તરીકે ઉછરેલા ૯૯ ટકા લોકો પુખ્ત વયે પણ પોતાની ઓળખ હિન્દુ તરીકે જ જાળવી રાખે છે. મતલબ કે, હિંદુઓમાં ધર્માંતરણ ઓછું છે તેથી ભારતની વસ્તીમાં હિંદુઓનું પ્રમાણ ઘટશે તેના માટે ધર્મ પરિવર્તન નહીં પણ પ્રજનન દરોમાં રહેલા તફાવત જવાબદાર છે. ભારતમાં મુસ્લિમોની સરેરાશ ઉંમર હિંદુઓ કરતાં ઓછી છે અને મુસ્લિમો સરેરાશ વધુ બાળકોને જન્મ આપે છે તેથી તેમનું પ્રમાણ વધશે.

■■■

સૌથી વધારે મુસ્લિમો ક્યાં હશે ?

અત્યારે ઈન્ડોનેશિયામાં વિશ્વના સૌથી વધુ મુસ્લિમો રહે છે પણ ૨૦૭૦ સુધીમાં પાકિસ્તાન વિશ્વમાં સૌથી વધુ મુસ્લિમ વસ્તી ધરાવતો દેશ બની શકે છે જ્યારે ઈન્ડોનેશિયા ચોથા નંબરે હશે. પાકિસ્તાન પછી બીજા નંબરે ભારત, ત્રીજા નંબરે નાઈજીરિયા અને એ પછી ઈન્ડોનેશિયા હશે. ૨૦૭૦ સુધીમાં ભારતમાં મુસ્લિમોની વસ્તી આશરે ૩૩.૪ કરોડ હશે. જ્યારે પાકિસ્તાનમાં મુસ્લિમોની વસ્તી વધીને અંદાજે ૪૬.૧ કરોડ થશે.

૨૦૨૦થી ૨૦૭૦ દરમિયાન ભારતમાં હિંદુઓની વસ્તીમાં ૧૭.૬ કરોડનો વધારો થવાની ધારણા છે અને દેશની કુલ વસ્તીમાં હિંદુઓનો હિસ્સો ત્રણ ચતુર્થાંશ કરતાં વધારે એટલે કે ૭૫ ટકાથી વધારે જળવાઈ રહેશે પણ મુસ્લિમોની વસ્તી ભારતની મુસ્લિમ વસ્તી ૨૦૨૦ cex આશરે ૨૧.૩ કરોડ હતી તે ૨૦૭૦ સુધીમાં વધીને લગભગ ૩૩.૪ કરોડ) સુધી પહોંચવાનો અંદાજ છે. ભારતના મુસ્લિમોની વસ્તીમાં લગભગ ૬૦ ટકાનો વધારે થશે જ્યારે હિંદુઓની વસ્તી૧૫ ટકા જેટલી જ વધશે તેથી કુલ વસ્તીમાં મુસ્લિમોનું પ્રમાણ વધી જશે. ૨૦૭૦માં ભારતની કુલ વસ્તીમાં મુસ્લિમોનું પ્રમાણ ૨૦ ટકાની આસપાસ હશે તેથી મુસ્લિમોનો પ્રભાવ વધશે એવી આગાહીઓ થઈ રહી છે પણ વાસ્તવમાં મુસ્લિમોની વધતી વસ્તીના કારણે હિંદુ ધ્રુવીકરણ વધશે તેથી વસ્તી વધી તેની અસરો બહુ નહીં વર્તાય.

■■■

હિંદુઓએ વધારે બાળકો પેદા કરવાં જોઈએ ?

આ રિપોર્ટ પછી સોશ્યલ મીડિયા પર હિંદુઓને જાગવાની અને વધારે બાળકો પેદા કરવાની હાકલ કરતા મેસેજીસનો ચાલુ થઈ ગયો છે. આમ તો, ભારતમાં હિંદુવાદી સંગઠનોના નેતાઓ અને હિંદુ સાધુઓ લાંબા સમયથી આવી સલાહો આપ્યા જ કરે છે પણ હવે નવેસરથી ડોઝ અપાઈ રહ્યો છે. હિંદુઓ વધારે સંતાનો પેદા નહીં કરે તો ભારતમાં મુસ્લિમોનું રાજ હશે ને હિંદુઓ મુસ્લિમોના ગુલામ થઈ જશે એવા મેસેજ ફરી રહ્યા છે. યુવા હિંદુઓને યોગ્ય ઉંમરે લગ્ન કરી લઈને ઓછામાં ઓછાં ચાર સંતાનો પેદા કરવાની સલાહો પણ અપાઈ રહી છે. બીજી તરફ જેન-ઝી એટલે કે નવી પેઢીમાં લગ્ન કરવાના બદલે એકલા રહેવાનું વલણ વધતું જાય છે તેથી હિંદુઓની વસ્તી ઘટશે તો સમસ્યા સર્જાશે એ ચિંતા યોગ્ય છે પણ તકલીફ એ છે કે, સલાહો આપનારા જેન-ઝી કેમ લગ્નથી અને સંતાનો પેદા કરવાથી દૂર ભાગી રહી છે એ સમજવા તૈયાર નથી. જે લોકો લગ્ન કરી લે એ પણ એક સંતાનથી વધારે પેદા કરતાં નથી. તેનું કારણ બેફામ મોંઘવારી અને અપૂરતી આવક છે.


ભારતે જોરદાર આર્થિક વિકાસ કર્યો હોવાનાં બણગાં ફૂંકાય છે પણ વાસ્તવિકતા એ છે કે, ભારતમાં મોટા ભાગના યુવાઓ બે છેડા ભેગા થાય એટલું કમાતા જ નથી. લગ્ન કરો એટલે રહેવા ઘર લેવું પડે ને વાહન પણ લેવું પડે. સંતાનો થાય એટલે તેમના ઉછેર અને ભણાવવા પાછળ પણ ખર્ચ કરવો પડે. આ બધું કરવા માટે આખી જિંદગી ઢસરડા કરવા પડે ને યુવા પેઢીની તેની તૈયારી નથી.

હિંદુ સમાજ એક થઈને આ સમસ્યાનો હલ લાવી શકે તેમ છે. ભારતમાં હિંદુ મંદિરો, મઠો, આશ્રમો પાસે અબજો રૂપિયા છે. હિંદુઓ ધર્મમાં શ્રધ્ધા ધરાવનારી પ્રજા છે તેથી ધર્મના નામે દાનનો પ્રવાહ બંધ થતો જ નથી. હિંદુ સમાજ એક થઈને દરેક હિંદુ બાળકના ઉછેર અને શિક્ષણનો ખર્ચ ઉઠાવવાની જવાબદારી લઈને આ નાણાં વાપરવા માંડે તો હિંદુ યુવાઓ જવાબદારીઓથી મુક્ત થાય. આ સંજોગોમાં હિંદુ યુવાઓ લગ્ન પણ કરે ને વધારે બાળકો પણ પેદા કરે.

હિંદુ સમાજની આ જવાબદારી ઉઠાવવાની તૈયારી છે ? ■

sanjogpurti@gmail.co

૩૫ વર્ષ પછી 'સડક'નું પુનરાવલોકન : યાદોની હાઈવે પર એક સફર



અંતે, હાઈસ્કૂલના દિવસોથી જે ફિલ્મને જોવાની ઈચ્છા મનમાં જ દબાઈ રહી હતી અને જેના મધુર ગીતો કેસેટ ઘસી-ઘસીને વર્ષો સુધી સાંભળ્યા હતા, તે 'સડક' ૩૫ વર્ષ પછી આખરે જોવાનો મેળ પડી ગયો! ફિલ્મ જોતી વખતે મગજમાં એકસાથે બે અલગ-અલગ કેમેરા ચાલી રહ્યા હતા: પહેલો એ કે આજે આટલા વર્ષો પછી મને આ ફિલ્મ કેવી લાગી? અને બીજો એ કે જો આ ફિલ્મ મેં ૧૯૯૧માં મારી સ્કૂલની ઉંમરે જોઈ હોત તો મને કેવી લાગત? આનો જવાબ સાવ સ્પષ્ટ છે કે જો એ વખતે આ ફિલ્મ જોઈ હોત તો મારી કાચી ઉંમર અને એ સમયના ક્રેઝના પ્રતાપે આ ફિલ્મ આજે લાગી છે એના કરતાંય દસ ગણી વધુ સારી લાગી હોત. પણ આટલા વર્ષો પછી આજે જ્યારે આ ફિલ્મ જોઈએ છીએ, ત્યારે તેની પાછળની ઘણી વાસ્તવિકતાઓ અને ખીચડી સાવ ચોખ્ખી દેખાઈ આવે છે.



ધીસ ઇઝ ધેટ

નારન બારૈયા

આ ફિલ્મની પટકથા અને તેની પૃષ્ઠભૂમિ પાછળના ઈતિહાસ પર નજર કરીએ તો, આ ફિલ્મ સીધી કોઈ કૉપી કે રીમિક્સ નથી, પરંતુ તેના પ્રેરણાનો મુખ્ય સ્ત્રોત તો માર્ટીન સ્કોરસેસની હોલિવૂડની માસ્ટરપીસ ફિલ્મ 'ટેક્સી ડ્રાઇવર'માંથી જ આવે છે. ૧૯૭૬માં ચેતન આનંદ અથવા તો દેવ આનંદે આ જ 'ટેક્સી ડ્રાઇવર'ની પ્રેરણાથી 'જાનેમન' નામની ફિલ્મ બનાવી હતી, જે એમના 'નવકેતન ફિલ્મ્સ'ના ૨૫ વર્ષ પૂરા થવાના અવસરે સિલ્વર જુબિલી વર્ષ નિમિત્તે રિલીઝ થઈ હતી. આપણે આ બંને ફિલ્મો જોયેલી છે અને બંનેના રિવ્યુઝ પણ કરેલા છે, એટલે એ વાત સ્પષ્ટ છે કે મહેશ ભટ્ટે પણ એ જ મહાન પ્રેરણાસ્ત્રોતને પકડીને ભારતીય માહોલ અને ડાર્ક સિચ્યુએશન મુજબ 'સડક'નું સર્જન કર્યું હતું. ફિલ્મમાં હીરોને એક વેશ્યા સાથે પ્રેમ થઈ જાય છે. આ એવો વિષય હતો જેણે તે જમાનામાં સૌથી વધુ આકર્ષિત કર્યો હતો અને અનેક વખત જોવાનું ચૂકી જવા છતાં મેં આખી જિંદગી તેના ગીતો મન ભરીને માણ્યા છે.

ફિલ્મ વિશે આજે વાત કરીએ તો, જો આ ફિલ્મમાં કોઈ મોટું સ્ટાર કાસ્ટ ન હોત, તો તે કદાચ એક આર્ટ ફિલ્મ તરીકે પ્રસ્થાપિત થઈ હોત પરંતુ બોક્સ ઓફિસ પર સદંતર ફ્લોપ ગઈ હોત. જોકે, એ વખતે પણ તેને ફ્લોપ થવાથી બચાવવા માટે નદીમ-શ્રવણનું જાદુઈ સંગીત કાઢી નાખવું પડે તેમ હતું! ફિલ્મના ગીતો મને હંમેશાં ગમ્યા છે અને તે ફિલ્મની વાર્તા સાથે એકરસ થઈ જાય છે, પરંતુ એક અફસોસ એ પણ રહે છે કે ફક્ત ગીતો સાંભળીને મેં તેના પિક્ચરાઇઝેશનની જે ઊંચી કલ્પનાઓ કરી હતી, તે ફિલ્મને સ્ક્રીન પર જોતી વખતે ખરી નીવડી નથી. ગીતોની હાઇટ સામે ફિલ્મનું પિક્ચરાઇઝેશન થોડું નીચું પડી જાય છે, જો કે આ બાબત ફિલ્મનો કોઈ બહુ મોટો માઇનસ પોઇન્ટ નથી બનતી.

આજે જ્યારે આ ફિલ્મ જોઈએ છીએ ત્યારે એ વાત ચોક્કસ માર્ક કરવી પડે છે કે આજની પાકી ઉંમરે સંજય દત્તમાં અભિનયની જે અદભુત મેચ્યોરિટી આવી છે, તેવી પરિપક્વતા એ વખતે ન હતી. અમુક સિન જોતી વખતે તો એવું લાગે કે ભાઈ સાહેબ બપોરે 'સાજન' ફિલ્મનું શૂટિંગ પતાવીને સીધા અહીં ટેક્સી ચલાવવા આવી ગયા છે! સંજય દત્ત આ ફિલ્મમાં હજી ક્યાંક કાચો માલૂમ પડે છે. ફિલ્મફેરે એવોર્ડ સદાશિવ અમરાપુરકરને આપ્યો તે સો ટકા બરાબર જ છે જોકે, સાયકોલોજિકલ ઈફેક્ટ વાળા અને માનસિક આઘાત દર્શાવતા કેટલાક જે સીન સંજય દત્તે આપ્યા છે, તે તો માત્ર ને માત્ર સંજય દત્ત જ આપી શકે!

ફિલ્મનો ઘણો બધો ભાગ ઈન્ટરવલ પછી સાવ બીબાઢાળ અને પ્રિડીકટેબલ બની જાય છે. અંતમાં હીરો પોતાની જ રીતે વિલનનું બધું પૂરું કરી નાખવાનો હોય છે અને બરાબર એ જ થાય છે. તેમ છતાં, આટલા ગંભીર વિષય ઉપર અને આ પ્રકારે વાર્તા ઉપર એ સમયના જમાનામાં આટલી ડાર્ક ફિલ્મ બનાવવી એ કોઈ નાની સૂની વાત નહોતી અને તે એક બહુ મોટું સાહસ હતું, જેનો સ્વીકાર કરવો જ પડે. સમય વીતવાની સાથે ફિલ્મની ઘણી ટેક્નોલોજીકલ બાબતો અને ખાસ કરીને પિક્ચરાઇઝેશન આજે થોડું ડલ લાગે છે, પરંતુ નદીમ-શ્રવણનું સંગીત આજે પણ એટલું જ તાજું અને કાનને મધુર લાગે છે.

આ ફિલ્મ જોતી વખતે અભિનયની દ્રષ્ટિએ દીપક તિજોરી પણ જરાય કમ નથી લાગતા. ઊલટાનું, સંજય દત્ત કરતા પણ દીપક તિજોરી આ ફિલ્મમાં વધુ મેચ્યોર એક્ટર લાગે છે. પરંતુ સૌથી મોટો અફસોસ એ થાય છે કે ચાહે 'આશિકી' હોય કે 'સડક', આ માણસ કાયમ હીરોના મિત્રની છાયા કે ઈમેજમાંથી ક્યારેય બહાર આવી શક્યો નહીં અને કોઈ જોરદાર લીડ ફિલ્મ આપી શક્યો નહીં. બોલિવૂડ દીપક તિજોરીની આ અસલી ટેલેન્ટ અને ક્ષમતાનો ક્યારેય પૂરેપૂરો ઉપયોગ કરી શક્યું નહીં, જેનો એક સિનેપ્રેમી તરીકે હંમેશાં રંજ રહી જાય છે. ■

naranbaraiya277@gmail.com

શૈક્ષણિક સત્રથી વર્ગમાં સકારાત્મક ઉર્જાથી કાર્ય કરીએ..

મોરારીબાપુના શબ્દોમાં કહીએ તો 'શિક્ષક અર્ક વાળો,તર્કવાળો અને સતત સંપર્કવાળો હોવો જોઈએ.' શિક્ષણએ સતત ચાલતી પ્રક્રિયા છે.વ્યવસાયમાં વફાદાર રહીને વર્ગમાં આવેલા બાળકોને સ્વર્ગની અનુભૂતિ કરાવવાનું સદભાગ્ય રાષ્ટ્રના સારસ્વત મિત્રોને પ્રાપ્ત થયું છે.આજના માહોલમાં બાળકોને શિક્ષણની સાથે સમજણ પ્રદાન કરવાની તાતી જરુરીયાત છે.મોબાઈલના યુગમાં ચોપડીઓ કરતા સોશિયલ મીડિયા પર બાળકો વધારે રવાડે ચડી ગયા છે. શિક્ષકો જ મોટાભાગના વાંચતા નથી એ સનાતન છે. આ વાંચન તો આપણી શક્તિ છે.મોબાઈલમાં વાંચનની ઘણી સામગ્રી આવે છે પરંતુ શેર માર્કેટ, મકાનની દલાલી અન્ય બિઝનેસ માટે નોકરી સ્ટેન્ડ બની ગઈ છે. આ બધું કરો પરંતુ શાળામાં તો સંપૂર્ણ બાળકોને ન્યાય આપવો અને અસરકારક શિક્ષણ આપવું એ આપણી નૈતિક ફરજ છે.



ગ્રાન્ટેડ શાળામા મોટાભાગના બાળકો ગરીબ પરિવારમાંથી આવતા હોવાથી તેમના સાચા માતા પિતા આપણે છીએ.શાળાનું નવું સત્ર માત્ર એક નવા સમયપત્રક કે નવા પાઠ્યપુસ્તકોની શરૂઆત નથી,પરંતુ તે વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ માટે નવી ઊર્જા,નવી આશા અને નવા સંકલ્પો સાથે આગળ વધવાનો સુવર્ણ અવસર છે.દરેક નવું સત્ર એક ખુલ્લા પુસ્તક જેવું હોય છે,જેમાં સુંદર અને અર્થપૂર્ણ પ્રકરણો લખવાની તક મળે છે. વેકેશનના વિરામ બાદ જ્યારે શાળાના પ્રાંગણમાં બાળકોનો કલરવ ગુંજી ઉઠે છે, ત્યારે સમગ્ર વાતાવરણમાં તાજગી અને ઉત્સાહ ભરાઈ જાય છે.જૂના સત્રના અનુભવો અને શીખેલા પાઠોને આધારે,નવા સત્રમાં વધુ સુવ્યવસ્થિત અને પરિણામલક્ષી કાર્ય કરવાની પ્રેરણા મળે છે.બાળકોની ફેબ્રુઆરી ૨૦૨૭માં બોર્ડ પરીક્ષા આવવાની હોવાથી આપણી પાસે માત્ર ડિસેમ્બર મહિનો અને અડધો જાન્યુઆરી હોય છે. તેવા સમયે બાળકોને પુનરાવર્તન અને દ્રઢીકરણ કરાવવું જ રહ્યું.બાળકોમાં કાર્ય કરવાની જિજ્ઞાસા હોય છે પરંતુ તેને કઈ રીતે પ્લેટફોર્મ પૂરું પાડવું તે શિક્ષકમાં આવડત હોવી જોઈએ.ભૂતકાળની નાની-મોટી ખામીઓ સુધારીને નવેસરથી આગળ વધવાની તક પૂરી પાડવી જોઈએ. બાળકો સન્મુખ ક્યારે પણ નકારાત્મક વાતો કરવાની જગ્યાએ સકારાત્મક અને પ્રેરણાત્મક બાબતો મૂકવી જોઈએ.જેથી તેનામાં આત્મવિશ્વાસ મજબૂત બની શકે છે.



સામાજિક અને શૈક્ષણિક

ડો. વિપુલ.ડી. પટેલ

(આચાર્ય શ્રી ગાંધી વિદ્યાલય, અસારવા, અમદાવાદ)

કોઈપણ વિષયને શીખવા અને શીખવવા પ્રત્યે નવો ઉત્સાહ અને આત્મવિશ્વાસ હોવો જોઈએ.બાળકો સામે વિષયવસ્તુ મુકો ત્યારે તેવી રસાળ શૈલીમાં રજૂ કરો કે તરત જ તેમને મગજમાં તમારી કહેવાની શૈલી અને તેનું મૂલ્ય સમજાય જાય.શાળા એ તો જ્ઞાનની ગંગોત્રી છે. શાળા, શિક્ષક, વિદ્યાર્થી અને વાલી વચ્ચે મજબૂત સંવાદ અને સહકાર હોવો અનિવાર્ય છે.શિક્ષક જેટલો બાળક સાથેનું એટેચમેન્ટ રાખશે એટલું શાળાનું પરિણામ ઉત્તમ આવશે.

શૈક્ષણિક કાર્ય માટેના મુખ્ય સંકલ્પો શિક્ષકે અને બાળકોએ પણ લેવા જોઈએ કે હું નવા સત્રમાં માત્ર ગોખણપટ્ટીને બદલે સમજણ,કૌશલ્ય અને સર્જનાત્મકતા પર ભાર મૂકીશ.હું જે પણ તૈયારી કરીશ તેનું આયોજન અને પ્લાનિંગ બનાવીશ તે પ્રમાણે અગાઉના બોર્ડપેપરનું પુનરાવર્તન કરીશ.શાળામાં નિયમિત આવીશ અને શિક્ષક મિત્રો જ્યારે અધ્યાપન કાર્ય કરતા હોય ત્યારે સંપૂર્ણ ધ્યાન આપીશ.

શૈક્ષણિક કાર્યને વધુ અસરકારક બનાવવામાં શિક્ષકોની ભૂમિકા ખૂબ અગત્યની છે.શિક્ષક માત્ર માહિતી આપનાર નહીં,પરંતુ માર્ગદર્શક અને પ્રેરણાદાયી બને. દરેક વિદ્યાર્થીની શીખવાની ઝડપ અને ક્ષમતાને ઓળખીને તેને પ્રોત્સાહન આપવું. બાળકોમાં આત્મવિશ્વાસ વધારવા માટે વર્ગની અંદર જ્યારે અધ્યાપન કાર્ય કરતા હોય ત્યારે તમામ બાળકો ઉપર શિક્ષકની દ્રષ્ટિ હોવી જોઈએ. તેમને દેશ દુનિયાના મહાપુરુષોના કઠોર પરિશ્રમ અને સફળતાના આયામ વિશે મોટીવેશન તેમજ હકારાત્મક બાબતો રજૂ કરવી જોઈએ.

વિદ્યાર્થીઓએ પ્રશ્નો પૂછવાની જિજ્ઞાસા કેળવવી, ભૂલોથી ડર્યા વગર શીખતા રહેવું અને સ્વ-શિસ્ત અપનાવવી.નિયમિત લેખન કાર્ય કરવું જોઈએ. પાંચ થી સાત કલાક અભ્યાસમાં રસ, રુચિ જાળવી અને તૈયારી કરવી જોઈએ. મોબાઈલના બિનજરૂરી દૂષણથી દૂર રહેવું જોઈએ.માનસિક અને શારીરિક થાકને દૂર કરવા માટે પ્રાણાયામ અને થોડી ટી.વી જોવી જોઈએ. વાલીઓએ બાળક પર ગુણોનું બિનજરૂરી દબાણ લાવવાને બદલે તેના પ્રયાસોને બિરદાવવા,ઘરમાં શાંત અને પ્રેરક વાતાવરણ આપવું તથા શાળા સાથે સતત સંપર્કમાં રહેવું જોઈએ.વાલીઓ માત્ર શાળા મોકલવાનું કામ કરે છે. ઘરે બાળક આવ્યા પછી તેને ગૃહકાર્ય તેમજ વાંચન કરવા બેસાડવાની જવાબદારી મા બાપની છે.બાળકો સાથે શિક્ષણ અને શાળાની ચર્ચા કરવી જોઈએ. તારી તૈયારી કેવી ચાલે છે શું પરિણામ આવ્યું. તેનું મિત્ર વર્તુળ કેવુ છે. શું કરે છે, ક્યાં ફરે છે. આ બધી બાબતો પર મા બાપની નજર હોવી જોઈએ. ઘરેથી સ્કૂલ અને સ્કૂલથી ઘરે નિયમિત બાળકો આવે છે. બેગમાં ખાનગી રીતે મોબાઈલ રાખે છે.આ બધી બાબતો વિશે વાલીઓ જાગૃત બને તે જરૂરી છે. બાળકો સાથે બેસી અને અભ્યાસનું કાર્ય કરાવવાની જવાબદારી મા બાપની છે.

મોટાભાગના વાલીઓ શાળામાં આવીને આચાર્યશ્રી અથવા તો વર્ગ શિક્ષકને કહે છે કે મારું બાળક ભણવામાં કેમ ધ્યાન આપતું નથી,? કેમ લેસન આપતા નથી? આવી દલીલો કરે છે? બધા જ સાહેબો લેસન આપતા જ હોય છે પણ તમે તમારા ઘેર બાળકોનું કેટલું ધ્યાન રાખો છો?શિક્ષણનો મુખ્ય હેતુ માહિતીનો સંગ્રહ નહીં, પરંતુ વિચારવાની ક્ષમતા અને સારા નાગરિકનું નિર્માણ કરવાનો છે.બાળકોની સર્જનાત્મક પ્રવૃત્તિને પ્રાણ આપવાનું કાર્ય શિક્ષક મિત્રોએ કરવાનું છે. બાળકો આપણા અન્નદાતા છે તેમને શ્રેષ્ઠ અને બેસ્ટ શિક્ષણ આપવા માટે પ્રયાસ કરવો એ જ સૌથી મોટી દિપાવલી છે.

બાળકોમાં જ્ઞાનના ફટાકડા ફૂટશે તો તેનો પરિવાર અને રાષ્ટ્ર ઉન્નત બનશે.જીવંત બાળકોને કેળવવાનું ભગીરથ કાર્ય આપ સૌ સારસ્વત મિત્રોને પ્રાપ્ત થયું છે ત્યારે તે કાર્ય નિષ્ઠાથી બજાવીએ એ જ સૌથી મોટી દિવાળી છે...

રાજ્યના સૌ શિક્ષક મિત્રો અને આચાર્યશ્રીઓને નવા વર્ષની શુભકામનાઓ. બાળક છે તો જ શાળાઓ છે અને એ તો આપણા અન્નદાતા છે.આટલું યાદ રાખજો ચારધામની યાત્રાનું પુણ્ય પ્રાપ્ત થશે.. વિદ્યાર્થી દેવો ભવ: ■ Mo.9825702282

ADHD (એડીએચડી): માત્ર તોફાની બાળક નહીં, પરંતુ મગજના વિકાસ સાથે જોડાયેલી સ્થિતિ



કેટલાક સંશોધનોમાં નીચેના પરિબળો ADHD ના વધેલા જોખમ સાથે સંકળાયેલા જોવા મળ્યા છે:

૧. આનુવંશિકતા (Genetic Factros):

ADHD માં આનુવંશિક પરિબળોનું મહત્ત્વપૂર્ણ યોગદાન છે. પરિવારમાં માતા, પિતા અથવા નજીકના સગામાં ADHD નો ઇતિહાસ હોય તો બાળકમાં તેની સંભાવના વધી શકે છે.

૧. ગર્ભાવસ્થા દરમિયાન તમાકુ અને આલ્કોહોલનો સંપર્ક:

ગર્ભાવસ્થા દરમિયાન તમાકુ અને આલ્કોહોલનો સંપર્ક બાળકના મગજના વિકાસ માટે હાનિકારક બની શકે છે અને ADHD સાથેના જોખમમાં પણ સંબંધ જોવા મળ્યો છે.

૧. પર્યાવરણીય ઝેરી પદાર્થો:

સીસા (Lead) જેવા ઝેરી પદાર્થોના સંપર્કથી બાળકના નર્વસ સિસ્ટમના વિકાસ પર નકારાત્મક અસર થઈ શકે છે.

૧. માતાનું સ્વાસ્થ્ય અને ગર્ભાવસ્થાની પરિસ્થિતિઓ:


ગર્ભાવસ્થા દરમિયાન માતાનું શારીરિક સ્વાસ્થ્ય, કેટલીક તબીબી સમસ્યાઓ, સમય પહેલાં પ્રસૂતિ અને ઓછું જન્મવજન જેવા પરિબળો પણ સંશોધનમાં ADHD સાથેના સંભવિત સંબંધ તરીકે તપાસવામાં આવ્યા છે.

૧. પોષણ અને જીવનશૈલી:

ગર્ભાવસ્થા દરમિયાન સંતુલિત આહાર, પૂરતી ઊંઘ, નિયમિત તબીબી તપાસ અને ડૉક્ટરની સલાહ પ્રમાણે પોષક તત્ત્વોનું સેવન બાળકના સ્વસ્થ વિકાસ માટે જરૂરી છે.

અહીં એક વાત સમજવી જરૂરી છે કે આ પરિબળો જોખમ સાથે સંકળાયેલા છે, ADHD થવાનું નિશ્ચિત કારણ નથી. માતાએ ગર્ભાવસ્થા દરમિયાન તણાવ અનુભવ્યો હોય કે કોઈ મુશ્કેલી આવી હોય એટલે બાળકને ADHD થશે એવું માનવું ખોટું છે. માતાને દોષ આપવાને બદલે યોગ્ય માર્ગદર્શન આપવું જોઈએ.

હોમિયોપેથીક દૃષ્ટિકોણથી ADHD ને સમજીએ



હોમિયોપેથીક
ડો. જીતેન્દ્ર પટેલ
સહ લેખીકા :
ડો. નંદિની જોટાંગિયા

હોમિયોપેથીમાં દરેક દર્દીને માત્ર તેના રોગના નામથી નહીં, પરંતુ તેની સંપૂર્ણ વ્યક્તિગત લક્ષણાવલીના આધારે સમજવાનો સિધ્ધાંત છે.

ડૉ. સેમ્યુઅલ હાહનેમેન દ્વારા વિકસિત હોમિયોપેથીમાં Individualization, Totality of Symptoms અને વ્યક્તિની સંપૂર્ણ સ્થિતિનું મૂલ્યાંકન મહત્ત્વપૂર્ણ ગણાય છે.

ADHD ના સંદર્ભમાં હોમિયોપેથીક કેસ-ટેકિંગ દરમિયાન બાળકની નીચેની બાબતોનું વિગતવાર નિરીક્ષણ કરી શકાય છે: (ક્રમશઃ) ■

sanjogpurti@gmail.com

બજારમાં જઈને શાકભાજી અને મેથીની ભાજી લઈ આવો.



બેરાલાલને ઓચિંતા મહેમાન આવ્યા. ગામડાં ગામમાં એક વણ લખ્યો નિયમ છે કે, મહેમાન આવે એટલે કંઈક સારું જમવાનું બનાવવું પડે. સગવડ હોય કે ના હોય, આડાં -અવળું, ઉધાર- ઉછીનાં કરીને ‘ય મિષ્ટાન્ન બનાવવું જોઈએ.

ઘરવાળીનો ભાઈ એટલે બેરાલાલનો સગો સાળો આવેલો. ઘરવાળીએ બે વાર કહ્યું “બજારમાં જઈને શાકભાજી અને મેથીની ભાજી લઈ આવો. ”

બેરાલાલ ઊંચુ હાંભળે. એમણે આંખ આડા કાન કર્યા. કાનહોરો નો આપ્યો.

“તમને કહું છું..!! સંભળાતું નથી? કાન છે કે કોડિયા?? મારો ભાઈ આવ્યો છે! શાકભાજી અને મેથીની ભાજી લઈ આવો.અને હારોહાર દુકાને ‘ય થાતાં આવજો.”

“તો..ઓ..! એમ કહોને કે શાકભાજી લાવવાં છે. ક્યારનાં હોઠ શું ફફડાવો છો. લાવો થેલી અને ખણખણિયા.”

બેરાલાલે થેલી ખંભે લટકાવી આ શેરીમાંથી ઓલી શેરી, અને ઓલી શેરીમાંથી વળી નવી ગલીમાં આંટાફેરા માર્યા. ત્યારે માંડમાંડ શાકભાજીની છકડો રિક્ષા મળી.

શાકભાજી અને મેથીની ભાજી લઈને ઘરે આવ્યાં.

ઘરવાળીએ થેલીનાં તાગ લીધાં. એને હતું જ કે.. કાંક તો લોચા માર્યા જ હશે.

“આમાં ચણાનો લોટ ક્યાં છે? ભજીયાં શું ઘઉં કે બાજરાંનાં લોટનાં બનશે? હું પરણીને આવી ત્યારથી કોઈ કામ સરખું કર્યું નથી. મારાં બાપને તમે જ ભટકાણાં ? ઈ તો હું છું તો ટકી ગઈ છું, બાકી બીજી હોત ને તો...”

બેરાલાલનું મોઢું નાનાં ખાબોચિયાં જેવું થઈ ગયું.

“તેં...એ...ચણાનો લોટે ‘ય લાવવાનો હતો..? મને એમ કે..”

“શું..ઉં..તમને? હવે જાવ છો? કે પછી છાપાંમાં છપાવું? ટી.વી.માં આપું? કે પછી ઢોલ વગડાવું??”

“જાવ છું..જાવ છું. તમે આમ બાર મહિનાનાં પરબે આકરાં પાણીએ નો થાવ! ચણાનો લોટ જ લાવવો છે ને!? બીજું કાંઈ હોય તો હારોહાર મંગાવી લો. પછી ગામડાંની દુકાનો રાજકોટની જેમ બપોર વછાળે ઠારી નાંખે છે.મતલબ ! બંધ કરી દે છે.”

“હારોહાર ભજીયાં પોચા થાય એવો ખારો ‘ય લેતાં આવજો. અને ખોટાં રૂપિયાની જેમ પાછાં આવજો.ખોટી ખોટી પટલાઈ કરવાં ઊભાં નો રે ‘તાં.



લાગે તો તીર..
કાળુભાઇ ભાડ

મારો ભાઈ જાજાં ટાઈમે આવ્યો છે, ભુખ્યો થ્યો હશે.”

બેરાલાલે એક બે દુકાનો ફરી, ચણાનો લોટ નો મળ્યો. હવે બેરાલાલ હાંફળા ફાંફળા થયાં. ‘લોટ નહીં મળે તો..!? તો તો આજ મારું આવી જ બનશે.‘

ગામમાં હતી ઈ હંધીય દુકાનો ફરી વળ્યાં.

હંધારનો એક જ જવાબ હતો. ‘સુરતવાળાએ ભજીયાંનાં પ્રોગ્રામ કરી કરીને લોટ હંધોય પતાવી દીધો છે. સુરતવાળા વાડીયુંમાં રોજેરોજ પ્રોગ્રામ કરે છે.’

બેરાલાલે હામો પ્રશ્ન કર્યો.

“હંધાય ભજીયાંનાં જ પ્રોગ્રામ કરે છે? કે પછી હારે બીજું કાંઈ હોય છે?”

“બેરાલાલ? તમારો કે વાનો મતલબ હું છે? આપણું ગામ અને પ્રોગ્રામ કરનારાં હંધાય એવાં છે?”

“ના..ના..ના..! તમે હમજ્યા નઈ. તમે ધારો છો, એવો કે ‘વાનો મારો મતલબ નથી. હારે હારે ચટણી ‘ય હોય છે કે નહીં એમ. તો મનેય ચટણીનું પડીકું લેવાનો હુજકો પડે.”

“બેરાલાલ! લોટ વગરનું ચટણીનું પડીકું લઈને તમે હું કરશો? મેં ‘માનને નકરી ચટણી જ ચટાવશો??”“તો..તો..ભારે કરી. આ સુરતીઓને નકરા ભજીયાંનાં પ્રોગ્રામ કરવાનું શિખવાડયું કોણે? ”

“બેરાલાલ..! ઈ બોવ લાં..બી કહાની છે..! ક્યાંક તમારું નરસી મહેતા જેવું નો થઈ જાય. નરસી મહેતા ની ભેરે તો ભગવાન આવ્યાં ‘તાં. હવે આ કળજુગમાં ભગવાન નવરો નથી. અને નરસી મહેતા જેવાં માણસો ‘ય નથી. એટલે તમે...”

“ના ના પણ મારે ઈ જાણવું તો છે જ. કે સુરતવાળાને એક હારે ભજીયાંનાં પ્રોગ્રામ કરવાનાં રવાડે કોણે ચડાવ્યાં?”

દુકાનદારે બેરાલાલને બાંકડે બેહાડી ,મોટો અવાજ કરી કહ્યું.

“તમને યાદ છે? સુરતમાં પ્રમુખે કરેલો ભજીયાંનો પ્રોગ્રામ. અને એની ચર્ચા હંધાય છાપાં વાળાઓએ કરી. રહી ગયાં તો ટી.વી.વાળાઓએ ‘ય કરી. ગાઈ વગાડીને આખાં ગુજરાતમાં ભજીયાં.. ભજીયાં કરી નાંખ્યું ‘તું.”

“હા..! આછું આછું ઓહાણ આવે છે. ઊંચા માંયલા ભજીયાં ખવડાવ્યા હતાં. જાત -જાતનાં અને ભાત- ભાતનાં ભજીયાંનો પ્રોગ્રામ કર્યો ‘તો એની વાત કરો છો?”

“હં..હં..અ. હવે તમારી ગાડી ખરાં પાટે ચડી. આ ભજીયાંનો પ્રોગ્રામ કેટલાં રૂપિયાનો થ્યો તો ઈ ખબર છે તમને?”

“હવે ઈ તો પૈસા આપ્યાં હોય એને ખબર હોય ને..!?”

“તો હાંભળો..સુરત મહાનગર પાલિકામાં માયાબેને પોતાની માયા પાથરી. સામાન્ય સભામાં નાસ્તા- પાણીનો પ્રોગ્રામ ગોઠવ્યો.

હવે આ સામાન્ય સભામાં કોઈ સામાન્ય માણસો તો હતાં નહીં. બધાં જ અ- સામાન્ય માણસો હતાં. એટલે નાસ્તા -પાણી ભજીયાનું આયોજન ગોઠવ્યું. સામાન્ય માણસો સામાન્ય ભજીયાં ખાય.

અ- સામાન્ય માણસોને ભજીયાં ‘ય અ - સામાન્ય જ જોઈએ ને. સામાન્ય રીતે રૂપિયા ૩૦૦ /૪૦૦ મા મળતાં ભજીયાં અહીં રૂપિયા ૮૦૦ ના કિલો લેખે મંગાવ્યા. અને બીલ બન્યું રૂપિયા એક લાખ ઉપરનું.”


“તમારી ભૂલ થાય છે. આ અ- સામાન્ય માણસોએ રૂપિયા પચાસનું ડિસ્કાઉન્ટ મેળવીને જનતાનાં ટેક્સના પૈસા બચાવ્યા છે. પણ, આને અને આપણાં ગામડાનાં પ્રોગ્રામને શું લાગે વળગે?”

“આ લોકોને એવાં મોંઘા ભજીયાં બનાવવા છે. એટલે લોટનાં કટ્ટા ઉપર કટ્ટા સફાસટ કરે છે. પણ એવાં મોંઘા ભજીયાં બનતાં જ નથી.”

“તમારી ન્યા જ મોટી ભૂલ થાય છે. ઈ પૈસાનાં ભજીયાં તો હજીય સુરતમાં ઘણાં ‘યની ઘરે બનતાં જ હશે. પણ....! મને તો થોડો ઘણો લોટ આપો. નહીંતર ઘરે મારાં ‘ય ભજીયાં બની જાહે.” ■

kalubhaibhad123@gmail.com

ધર્મ અને પ્રકૃતિનો અદ્ભુત સમન્વય: ઉત્તરાખંડ



ઉત્તરાખંડ એટલે ધર્મ-કલા-સંસ્કૃતિ-પ્રકૃતિ-શિલ્પ-સ્થાપત્યનો અણમોલ વારસો. આવો સફર કરીએ ઉત્તરાખંડની.

૧. હરિદ્વાર :

હરિદ્વાર એટલે ‘ગેટ વે ઓફ ગોડ’. ગંગાદ્વાર - મોક્ષદ્વાર - માયાપુરીના નામે જાણીતા આ સ્થળે દર બાર વર્ષે કુંભમેળો અને દર છ વર્ષે અર્ધકુંભ મેળો ભરાય છે.

શું જોશો ? : હર કી પૈડી, ચંડીદેવી ટેમ્પલ, મનસા દેવી ટેમ્પલ, દક્ષ મહાદેવ ટેમ્પલ, સપ્ત ઋષિ આશ્રમ, પીરાન કલિયાર, શાંતિકુંજ, જયરામ આશ્રમ, ભૂમા નિકેતન, ભારત માતા મંદિર, વૈષ્ણવદેવી ટેમ્પલ, રાધાકૃષ્ણ ટેમ્પલ, શ્રવણનાથમઠ, પાવન ધામ, દૂધાધરી ટેમ્પલ, બિલકેશ્વર મહાદેવ, શાહી ગુરુદ્વારા, પ્રેમનગર આશ્રમ, મા આનંદમયી આશ્રમ.

કેવી રીતે જશો ? : નજીકનું એરપોર્ટ જોલીગ્રાંટ (૩૬ કિ.મી.). દેશના મુખ્ય સ્થળો એથી રેલ-સડક માર્ગે જોડાયેલું છે.

૨. ઋષિકેશ :

ગંગા અને ચંદ્રભાગાના સંગમ પર આવેલું ઋષિકેશ આધ્યાત્મિક કેન્દ્રસ્થાને છે.

શું જોશો ? : લક્ષ્મણ ઝૂલા, રામ ઝૂલા, રઘુનાથ ટેમ્પલ, પુષ્કર ટેમ્પલ, વેંકટેશ્વર ટેમ્પલ, ચંદ્રમૌલેશ્વરન ટેમ્પલ, શત્રુઘ્ન ટેમ્પલ, ભારતમંદિર, લક્ષ્મણ ટેમ્પલ, શિવાનંદ આશ્રમ, મહેશયોગી આશ્રમ, સ્વર્ગ આશ્રમ, ગીતાભવન, વેદ નિકેતન, પરમાર્થ નિકેતન, રાજાજી નેશનલ પાર્ક, નીલકંઠ મહાદેવ.

કેવી રીતે જશો ? : નજીકનું એરપોર્ટ જોલીગ્રાંટ (૨૧ કિ.મી.). દેશના મુખ્ય શહેરો સાથે રેલ-સડક માર્ગે જોડાયેલું છે.

૩. નૈનિતાલ :

સાગર સપાટીથી ૨૦૮૪ મીટર્સની ઊંચાઈ પર આવેલું નૈનિતાલ એ ઈન્ડિયાનું ‘લેઈક ડિસ્ટ્રીક્ટ’ ગણાય છે. સાત-સાત પહાડીઓથી ઘેરાયેલું નૈનિતાલ અદ્ભુત ભાસે છે.

શું જોશો ? : નૈનિતાલ લેઈક (યાચટિંગ, બોટિંગ, પેડલિંગ), નૈનાદેવી ટેમ્પલ, સ્નોવ્યૂ, ચાઈના પીક, ટિફિનટોપ, હનુમાન ગઢી.

કેવી રીતે જશો ? : નજીકનું રેલવેસ્ટેશન કથગોદામ (૪૨ કિ.મી.), મુખ્ય શહેરો સાથે સડકમાર્ગે જોડાયેલું છે.

૪. રાનીખેત :

રાનીખેતનો અર્થ થાય છે. ‘ક્વિન્સ લેન્ડ’ આ હિલ સ્ટેશન પર બારેયમાસ નેચરલ બ્યુટીને માણવા માટે સહેલાણીઓ ઉમટી પડે છે.

શું જોશો ? : ચૌબતિયા ગાર્ડન, ગોલ્ફ કોર્સ, તારિકહેટ, મનકામેશ્વર, મજખાલી, સયાલીખેત, હૈદાખાન ટેમ્પલ, ઝૂલાદેવી ટેમ્પલ, ભાલુડેમ, કેઆરસી મ્યુઝિયમ.

કેવી રીતે જશો ? : કથ ગોદામ (૭૮ કિ.મી.) એ નજીકનું એરપોર્ટ છે. ઉત્તરાખંડ અને નોર્થન ઈન્ડિયાના મુખ્ય શહેરો સાથે સડક માર્ગે જોડાયેલું છે.

૫. કૌસાની :

નેચરલ વોક, જંગલ ટ્રેક અને બર્ડ વોચિંગ માટે જાણીતું કૌસાની સ્વપ્નપ્રદેશ સમું લાગે છે.

શું જોશો ? : અનાસક્તિ આશ્રમ, રૂદ્રાધારી વોટરફોલ, શિવ ટેમ્પલ, આદિ કૈલાસ, કૌસાની ટી એસ્ટેટ, લક્ષ્મી આશ્રમ, સરલા આશ્રમ, સુમિત્રાનંદન પંત ગેલેરી.

કેવી રીતે જશો ? : ઉત્તર ભારતના મુખ્ય શહેરો સાથે સડકમાર્ગે અને કઠ ગોદામ (૧૩૨ કિ.મી.) રેલમાર્ગ સાથે જોડાયેલું છે.

૬. કોર્બેટ નેશનલ પાર્ક :

૫૨૧ ચો. કિ.મી.માં વિસ્તરેલો આ પાર્ક બંગાળ ટાઈગર માટે પ્રોટેક્ટેડ વિસ્તાર છે.

શું જોશો ? : વાઈલ્ડ લાઈફ (અસંખ્ય પશુ-પક્ષી અને પ્રાણીઓ), સફારી ઝોન, ઝીરણા, બીજ રાની, ધિકાલા, કોર્બેટ જંગલ મ્યુઝિયમ, સીતાબાની ફોરેસ્ટ રિઝર્વ, ગર્જીયા ટેમ્પલ.

કેવી રીતે જશો ? : નજીકનું રેલસ્ટેશન રામનગર (૮૬ કિ.મી.). ઉત્તર ભારતના મુખ્ય શહેરો સાથે સડકમાર્ગે સંકળાયેલું છે.

૭. દહેરાદૂન :

‘દહેરા’ અર્થાત્ જમીન પરનો તંબુ અને આરાધના સ્થાન તરીકે ભીષ્મ પિતામહે અત્રે સ્થાપિત આશ્રમ ‘દૂન’ એટલે ‘દહેરાદૂન..!’

શું જોશો ? : તપકેશ્વર ટેમ્પલ, લક્ષ્મણ સિધ્ધ ટેમ્પલ, સંતલા દેવી ટેમ્પલ, માલસી, ડિયરપાર્ક, રોબર્ટ્સ કેવ મિંડ રોલિંગ મોનેસ્ટ્રી, ગુરૂ રામ રાય દરબાર, ક્લોક ટાવર.

કેવી રીતે જશો ? : નજીકનું એરપોર્ટ જોલીગ્રાન્ટ (૨૫ કિ.મી. - દહેરાદૂનથી) ભારતના મુખ્ય શહેરો સાથે રેલ-સડક માર્ગે જોડાયેલું છે.

૮. મસૂરી :

૨૦૦૦ મિટર્સ (૬૦૦૦ ફિટ)ની ઊંચાઈ પર આવેલું આ હિલ સ્ટેશન હિલ રિસોર્ટ અને હનીમૂન સ્પોટ છે. અહીંયાથી હિમાલયન સ્નોનો વન્ડરફૂલ નજારો માણી શકાય છે.

શું જોશો ? : ભટ્ટા ફોલ્સ, ઝારીપંતી ફોલ્સ, ક્લાઉડ્સ એન્ડ કેમલ્સ બેક રોડ, લાલ તિબ્બા, ગનહિલ, ધ મોલ રોડ, લેઈક મિસ્ટ, કેમ્પટી ફોલ્સ, ધનૌલ્ટી, લા.બ. શાસ્ત્રી નેશનલ એકેડમી.

કેવી રીતે જશો ? : નજીકનું એરપોર્ટ જોલીગ્રાંટ (૬૦ કિ.મી. મસૂરીથી) - દહેરાદૂન નજીકનું રેલવે સ્ટેશન મુખ્ય શહેરો સાથે સડક માર્ગે જોડાયેલું છે.

૯. ઔલી :

ઔલી એ ઉત્તરાખંડનું જાણીતું સ્કીઈંગ ડેસ્ટીનેશન છે. સમુદ્રતટથી ૩૦૫૦ મિટર્સની ઊંચાઈ પર આવેલું ઔલી ૨૫૯૯ મિટર્સમાં ફેલાયેલું છે. એડવેંચર લવર્સ માટે જાણીતું છે.

શું જોશો ? : આર્ટિફિશિયલ લેઈક, ઔલી રોપવે (ચેર લિફ્ટ અને સ્કી લિફ્ટ), ગુરસો બગ્યાલ, ચત્રકુંડ, ક્વારી બગ્યાલ, ચેનાબ લેઈક.

મોનસૂન સિવાય વર્ષ દરમિયાન ઈચ્છો ત્યારે જઈ શકો છો. ડિસેમ્બર થી માર્ચનો સમયગાળો ઉત્તમ છે.

કેવી રીતે જશો ? : નજીકનું એરપોર્ટ જોલીગ્રાંટ (૨૮૬ કિ.મી.), ઋષિકેશ સાથે રેલમાર્ગે ને ઉત્તરાખંડના મુખ્ય શહેરો સાથે સડક માર્ગે જોડાયેલું છે.

૧૦. ચંબા :

૧૬૭૬ મીટર્સની ઊંચાઈ પર આવેલું ચંબા તેહરી ગઢવાલનું હૃદય ગણાય છે. ભગીરથી નદી કાંઠે વસેલો લીલોતરીથી ભરપૂર આ પ્રદેશ છે.

શું જોશો ? : થમાય સાગર, જોન્સી, ન્યુ તેહરી, નરેન્દ્ર નગર, સુરખંડા દેવી ટેમ્પલ.

કેવી રીતે જશો ? : નજીકનું એરપોર્ટ જોલી ગ્રાન્ટ (૨૦ કિ.મી.) ઋષિકેશથી અને મસૂરીથી (૫૮ કિ.મી.) - રેલમાર્ગ ઋષિકેશ (૬૦ કિ.મી.) મુખ્ય શહેરોથી સડકમાર્ગે જોડાયેલું છે.

૧૧. અલમોડા :

ઉત્તરાખંડનું જાણીતું હિલસ્ટેશન એટલે અલમોડા. અહીંથી હિમાલયના હિમાચ્છાદિત શિખરોનું રમણીય દર્શન થાય છે. એક દંતકથા અનુસાર અલમોડા વિષ્ણુ ભગવાનનું નિવાસસ્થાન હતું.

શું જોશો ? : કસાર દેવી, કટરમલ, સૂર્ય મંદિર, ડિયર પાર્ક, ચિતાઈ ટેમ્પલ, ચંદ્રેશ્વર પબ્લીક મ્યુઝિયમ, નંદાદેવી ટેમ્પલ.

કેવી રીતે જશો ? : નજીકનું એરપોર્ટ પંતનગર (૧૨૭ કિ.મી.) રેલ સ્ટેશન, કઠ ગોદામ (૯૦ કિ.મી.), મુખ્ય શહેરો સાથે સડક માર્ગે જોડાયેલું છે. ■

sanjogpurti@gmail.com

પ્રવાસનામા
જયશ્વી પટેલ

સૂરજદાદાને આવી ઊંઘ !



“ચિન્ટુ બેટા, ઊઠ! સવાર પડી ગઈ.”

ચિન્ટુ આંખો ચોળતાં બોલે, “મમ્મી, પાંચ મિનિટ... બસ પાંચ મિનિટ!” ચિન્ટુને સવારે વહેલા ઊઠવું જરાય ગમતું નહીં. મમ્મી રોજ તેને ઉઠાડે.

એક દિવસ ચિન્ટુએ આકાશમાં ચમકતા સૂરજને જોયો. તેને થયું કે સૂરજ તો રોજ સવારે વહેલો ઊઠે છે. શું એને ક્યારેય ઊંઘ આવતી નહીં હોય?

એણે આકાશ તરફ જોઈને બૂમ પાડી, “અરે સૂરજદાદા! તમે ક્યારેય સૂતા નથી કે શું?”

સૂરજદાદા હસીને બોલ્યા, “અરે ભાઈ! હું પણ રાત્રે આરામ કરું છું. પણ સવારે વહેલો ઊઠીને બધાને પ્રકાશ આપું છું.”

ચિન્ટુ બોલ્યો, “એક દિવસ તમે પણ મોડા ઊઠજો ને! પછી જુઓ કેવી મજા આવે!” સૂરજદાદા હસી પડ્યા. પણ બીજા દિવસે સવારે એક અજબ ઘટના બની!

સવાર થઈ પણ આકાશમાં હજુ પણ અંધારું જ હતું!

સાત વાગ્યા... તોય અંધારું!

આઠ વાગ્યા... છતાં સૂરજદાદાનો કોઈ પત્તો નહીં! ચારેકોર અંધારું જ અંધારું!



રે વાર્તા!
મનીષ સુથાર

ચકલી ચીં... ચીં... કરતી બોલી, “અરે! આ સૂરજદાદા આજે ક્યાં ગયા?”

કૂકડો કૂકડેકૂકપ કૂકડેકૂકપ કરીને બૂમો પાડવા લાગ્યો.

“ઊઠો સૂરજદાદા... ઊઠો... સવાર પડી ગઈ!” - પણ સૂરજદાદા તો રજાઈ ઓઢીને સૂતા હતા.

“દાદા બગાસું ખાતાં બોલ્યા.

વાદળિયું તેમની પાસે આવ્યું અને બોલ્યું, “સૂરજદાદા, ઊઠો ને! બધાં તમારી રાહ જુએ છે.”

“ના ભાઈ ના, આજે તો હું સૂઈ જ રહીશ!”

અચાનક ચિન્ટુને યાદ આવ્યું કે ગઈકાલે તેણે જ સૂરજદાદાને મોડા ઊઠવાનું કહ્યું હતું.

તે તરત આકાશ તરફ જોઈને બોલ્યો, “હે સૂરજદાદા! માફ કરજો! હવે તમે જલદી ઊઠો ને! બધાં તમારી રાહ જુએ છે.”

પણ સૂરજદાદા તો હજુય સૂતા હતા.

ઘરરર... ઘરરર...

બધાંએ વિચાર્યું, ‘ગમે તેમ કરીને આપડે સૂરજદાદાને જગાડવા જ પડશે.”

ચકલી એક નાનકડી ઘંટડી લઈ આવી.

ટન... ટન... ટન...

વાદળિયું ઢોલ લઈને આવ્યું.

ઢમ... ઢમ... ઢમ...

કૂકડો પણ જોરથી બોલ્યો.

“કૂકડેકૂકપ કૂકડેકૂકપ સૂરજદાદા ઊઠો!”

આટલો બધો અવાજ સાંભળીને સૂરજદાદા એકદમ બેઠા થઈ ગયા. “અરે બાપ રે! આટલો બધો અવાજ કોણ કરે છે?”

બધાં એકસાથે બોલ્યાં, “સૂરજદાદા, હવે તો ઊઠો!”

સૂરજદાદાએ બગાસું ખાધું, આંખો ચોળી અને ધીમે ધીમે આકાશમાં આવી ગયા. થોડી જ વારમાં આખુંય આકાશ સોનેરી પ્રકાશથી ચમકી ઊઠ્યું.

ફૂલો ખીલી ઊઠ્યાં. પક્ષીઓ ગાવા લાગ્યાં. બાળકો ખુશીથી કૂદવા લાગ્યાં.

ચિન્ટુ બોલ્યો, “વાહ! સૂરજદાદા જાગી ગયા!”

સૂરજદાદા હસીને બોલ્યા, ”આજે તો બહુ મજા આવી! પણ હવે રોજ આમ મોડું નહીં કરું હોં.”


ચિન્ટુ બોલ્યો,“તો પછી હું પણ રોજ સવારે વહેલો ઊઠીશ!”! ■

Mo 9099172177

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ “ા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી. ●

ગાંધીનગરના પોર ગામે ગુરુ નાનક જયંતીએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુરુદ્વારામાં શીશ ઝુકાવ્યું

ગાંધીનગર,તા.૨૪



ગાંધીનગરના પોર ગામે શીખ ધર્મના સ્થાપક ગુરુ નાનક દેવની ૫૫૭મી જન્મજયંતિ ગુરુપુરબની શ્રધ્ધાભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પોર ગામના ગુરુદ્વારામાં દર્શન કરી પવિત્ર ગુરુ ગ્રંથ સાહિબ સમક્ષ શીશ ઝુકાવ્યું હતું. તેમણે રાજ્યના નાગરિકોની સુખ-સમૃદ્ધિ, શાંતિ, એકતા અને ગુજરાતના અવિરત વિકાસ માટે અરદાસ કરી હતી. ગુરુદ્વારા પ્રબંધક સમિતિના મુખ્ય સેવક ગુરુપ્રીતસિંહ ધિલ્લોન તથા પરમજીતકૌર છાબડાએ મુખ્યમંત્રીનું ખેસ, સરોપા અને શાલ ઓઢાડીને સન્માન કર્યું હતું. અમૃતસરના સુવર્ણ મંદિરની પ્રતિકૃતિ ભેટ આપવામાં આવી હતી. મુખ્યમંત્રીએ ગુરુદ્વારામાં આયોજિત લંગરમાં ભાગ લઈ શ્રધ્ધાળુઓને પ્રસાદનું વિતરણ કર્યું હતું. આ કાર્યક્રમમાં ગાંધીનગરના મેયર રૂપસિંહ ઠાકોર, ધારાસભ્યો રીટાબેન પટેલ અને અલ્પેશ ઠાકોર સહિતના આગેવાનો તથા શીખ સમાજના મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. ગુરુ નાનક દેવના માનવતા, સમાનતા અને ભાઈચારાના સંદેશને યાદ કરવામાં આવ્યો હતો.

દાહોદ જિલ્લામાં મનરેગા કૌભાંડમાં વહીવટી તંત્રની કાર્યવાહી, ત્રણ સરપંચોને કરાયા સસ્પેન્ડ

દાહોદ, તા.૨૪



દાહોદ જિલ્લામાં મનરેગા યોજના હેઠળ થયેલી કામગીરીમાં ગેરરીતિઓ સામે આવતાં વહીવટી તંત્ર દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે. રેઢાણા, સીમામોઈ અને ભાણપુર ગ્રામ પંચાયતોના ત્રણ સરપંચોને સસ્પેન્ડ કરવાનો હુકમ કરાયો છે. ત્રણેય પંચાયતોનાં કુલ ૧૦૬ કામોની તપાસ દરમિયાન મંજૂર કામો અને સ્થળ પર થયેલી કામગીરી વચ્ચે વિસંગતતા જોવા મળી હતી. અનેક કામો અધૂરાં હોવા ઉપરાંત જરૂરી દસ્તાવેજોમાં પણ ગંભીર ક્ષતિઓ મળી આવી હતી. તપાસમાં રેઢાણા પંચાયતનાં ૩૯, સીમામોઈનાં ૪૮ અને ભાણપુરનાં ૧૯ કામોની ચકાસણી કરવામાં આવી હતી. તપાસમાં ગેરરીતિઓ અને ક્ષતિઓ સામે આવ્યા બાદ જિલ્લા વિકાસ અધિકારી હિરેન બારોટે ૨૩ નવેમ્બરના રોજ પંચાયત અધિનિયમની કલમ ૫૭(૧) હેઠળ ત્રણેય સરપંચોને સસ્પેન્ડ કરવાનો હુકમ કર્યો છે. આ કાર્યવાહીને પગલે જિલ્લામાં ચર્ચા જાગી છે.

રાજકોટમાં નજીવી તકરારમાં યુવકની છરીના ઘા ઝીંકી હત્યા

રાજકોટ, તા.૨૪

રાજકોટના ગાંધીગ્રામ વિસ્તારમાં એસ.કે. ચોક નજીક સામસામે જવા જેવી નજીવી બાબતે થયેલી બોલાચાલીએ હિંસક સ્વરૂપ ધારણ કરતાં ૩૨ વર્ષીય મનીષ નરેન્દ્રભાઈ પરમારની છરીના ઘા ઝીંકી હત્યા કરવામાં આવી હતી. ૨૦ નવેમ્બરની રાત્રે મઢુલી પાનના ગલ્લા પાસે બનેલી આ ઘટનામાં પોલીસે બે આરોપીઓ અબ્દુલગની જાહિદભાઈ ડાંગસિયા (ઉ.વ.૨૨) અને રિયાઝ મહેબૂબભાઈ શેખ (ઉ.વ.૨૦)ને ન્યારા પાટિયા પાસેથી ઝડપી લીધા હતા. પ્રાથમિક તપાસમાં નજીવી તકરાર બાદ હુમલો થયાનું સામે આવ્યું છે. અબ્દુલગની અગાઉ સાયબર ફ્રોડના બે ગુનાઓમાં જેલવાસ ભોગવી ચૂક્યો છે. પોલીસે બંને આરોપીઓની ભૂમિકા અને હત્યા પાછળના કારણો અંગે વધુ તપાસ હાથ ધરી છે. મનીષના મોતથી તેમના ત્રણ સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવી છે.

વૈભવ સૂર્યવંશીની ઐતિહાસિક બેવડી સદી, ૫૩ બોલમાં ૨૦૪ રનફટકાર્યા

નવી દિલ્હી,તા.૨૪



યુએઈ સામે ૨૮ છગ્ગા અને ૭ ચોગ્ગા સાથે ૫૦ ઓવરની મેચમાં વિશ્વવિક્રમ

ભારતીય ક્રિકેટના યુવા ખેલાડી વૈભવ સૂર્યવંશીએ મંગળવારે રાઇઝિંગ સ્ટાર એશિયા કપમાં ધમાકેદાર બેટિંગ કરીને ક્રિકેટ જગતમાં ખળભળાટ મચાવ્યો હતો. માત્ર ૧૫ વર્ષની વયે તેણે યુએઈ સામે ૫૩ બોલમાં ૨૦૪ રનની ઐતિહાસિક ઈનિંગ રમી હતી. આ દરમિયાન તેણે ૨૮ છગ્ગા અને ૭ ચોગ્ગા ફટકાર્યા હતા. તેણે માત્ર ૨૮ બોલમાં સદી અને ૫૨ બોલમાં બેવડી સદી પૂરી કરી હતી.વૈભવની આ વિસ્ફોટક ઈનિંગના સહારે ઈન્ડિયા એ ટીમે યુએઈને સાત વિકેટે હરાવ્યું હતું. ૨૫૦ રનના લક્ષ્યાંકનો પીછો કરતી ભારતીય ટીમે માત્ર ૧૪.૨ ઓવરમાં ત્રણ વિકેટ ગુમાવી જીત મેળવી હતી. આ પહેલાં ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરનાર યુએઈએ ૫૦ ઓવરમાં નવ વિકેટે ૨૪૯ રન બનાવ્યા હતા. હરપ્રીત સિંહ ભાટિયાએ ૧૨ ચોગ્ગા અને ચાર છગ્ગાની મદદથી ૧૩૦ રન બનાવ્યા હતા. વૈભવની આ ઈનિંગે ક્રિકેટપ્રેમીઓમાં ભારે ઉત્સાહ જગાવ્યો છે.

દહેજમાં બે વર્ષની માસૂમ બાળકી પર યુવાને દુષ્કર્મ આચર્યાનો આક્ષેપ

ભરૂચ, તા.૨૪

ભરૂચ જિલ્લાના દહેજમાં માનવતાને શરમાવે તેવી ઘટના સામે આવી છે. ૨૮ વર્ષીય પરપ્રાંતિય યુવાને પોતાના મિત્રની બે વર્ષની માસૂમ દીકરીનું અપહરણ કરી દુષ્કર્મ આચર્યાનો આક્ષેપ થયો છે. ફરિયાદ મુજબ, આરોપી બાળકીની માતા સાથે પ્રેમસંબંધ રાખવા માંગતો હતો, પરંતુ મહિલાએ ઈનકાર કરતાં તેને ફોન પર ધમકી આપી હતી. ત્યારબાદ માતાની ગેરહાજરીમાં ઘરઆંગણે રમતી બાળકીને ઉઠાવી રૂમમાં લઈ જઈ કુકર્મ આચર્યું હતું.

ઘટનામાં બાળકીની તબિયત બગડતાં તેને સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવી હતી. બનાવની ગંભીરતાને ધ્યાનમાં રાખીને દહેજ પોલીસે ફરિયાદના આધારે ગણતરીના કલાકોમાં આરોપીને ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે.

ડિસેમ્બરના અંતમાં રાજ્યમાં કડકડતી ઠંડી પડવાની આગાહી કરતું હવામાન વિભાગ

અમદાવાદ, તા.૨૪



ગુજરાતમાં હાલ ઠંડા પવનો વચ્ચે લઘુત્તમ તાપમાનમાં વધારો થવાની શક્યતા છે. જેના કારણે બપોરે ગરમી અને વહેલી સવારે ઠંડીનો અનુભવ થશે. અમદાવાદ અને ગાંધીનગરમાં લઘુત્તમ તાપમાન ૧૬થી ૧૭ ડિગ્રી રહેવાનું અનુમાન છે. હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલના જણાવ્યા મુજબ, પશ્ચિમી વિક્ષોભની સક્રિયતા શિયાળાની તીવ્રતા નક્કી કરશે. ડિસેમ્બરની શરૂઆતથી ઠંડી વધશે અને ૯ થી ૧૦ ડિસેમ્બરે પશ્ચિમી વિક્ષોભ સક્રિય થઈ શકે છે. ૧૭ થી ૧૯ ડિસેમ્બર દરમિયાન કડકડતી ઠંડી પડવાની શક્યતા છે. ૨૯ ડિસેમ્બર આસપાસ ઠંડીનો વધુ એક રાઉન્ડ આવશે અને કેટલાક વિસ્તારોમાં તાપમાન ૧૦ ડિગ્રી સુધી પહોંચી શકે છે. આ હવામાનની અસર ઘઉં, જીરું અને શાકભાજીના પાક પર પણ થઈ શકે છે.

તેથી ખેડૂતોએ પાકનું નિયમિત નિરીક્ષણ કરી કૃષિ નિષ્ણાતોની સલાહ મુજબ તકેદારી રાખવી જરૂરી છે.

સુરત પોલીસે ડ્રગ્સ નેટવર્ક પર મોટો સપાટો બોલાવ્યો : ૧૭ કેસમાં ૨૨ આરોપીઓ ઝડપાયા

સુરત, તા.૨૪



સુરત શહેરને ડ્રગ્સમુક્ત બનાવવાના અભિયાન હેઠળ પોલીસે મેગા કોમ્બિંગ ડ્રાઇવ હાથ ધરીને નશાના કારોબાર પર મોટો પ્રહાર કર્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં શહેરના વિવિધ વિસ્તારોમાંથી એનડીપીએસ એક્ટ હેઠળ ૧૭ કેસ નોંધવામાં આવ્યા છે અને ૨૨ આરોપીઓની ધરપકડ કરાઈ છે. પોલીસે કુલ રૂ.૩૬.૮૮ લાખથી વધુનો નશીલો મુદ્દામાલ જપ્ત કર્યો છે. જેમાં ૭૨ કિલોથી વધુ ગાંજો, મેફેડ્રોન અને હાઈબ્રિડ ગાંજાનો સમાવેશ થાય છે. પોલીસ કમિશનર વાભંગ જમીરના માર્ગદર્શન હેઠળ સાતેય ઝોનમાં કાર્યવાહી કરવામાં આવી હતી. પકડાયેલા આરોપીઓમાં ગુજરાતના ૧૦, ઓડિશાના પાંચ, ઉત્તર પ્રદેશના ચાર, મહારાષ્ટ્રના બે અને રાજસ્થાનના એક આરોપીનો સમાવેશ થાય છે. આરોપીઓમાં ત્રણ મહિલાઓ પણ છે. કેટલાક આરોપીઓ રોજગાર અને નાના વ્યવસાયની આડમાં ડ્રગ્સ વેચતા હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. પોલીસે જણાવ્યું કે ડ્રગ્સ સામે ઝીરો ટોલરન્સ નીતિ હેઠળ કાર્યવાહી ચાલુ રહેશે.

SOGએ માલણ નદીમાં ગેરકાયદેસર રેતી અને રૂ. ૨૫ લાખનાં ટ્રેક્ટર અને JCB કબજે કર્યા

ગીરગઢડા, તા. ૨૪



ગીર સોમનાથ જિલ્લાના ગીરગઢડા તાલુકામાં માલણ નદીના પટમાં ગેરકાયદે રેતી ખનન અને વહન સામે જિલ્લા SOGએ કાર્યવાહી કરી હતી. પાણખાણ ગામના ફાટક પાસેથી રેતી ભરેલી બે ટ્રોલી સાથે બે ટ્રેક્ટર અને નાના સમઢિયાળામાંથી વધુ એક રેતી ભરેલું ટ્રેક્ટર તથા JCB મશીન મળી આવ્યાં હતાં. SOGના ઈન્ચાર્જ PI આર. આર. રાયજાદાની સૂચનાથી હાથ ધરાયેલી આ કાર્યવાહીમાં અંદાજે રૂ. ૨૫ લાખનો મુદ્દામાલ કબજે કરાયો હતો. રોયલ્ટી કે ખનન અંગેના જરૂરી દસ્તાવેજો રજૂ ન થતાં ચારેય વાહનો ખાણ-ખનિજ વિભાગને સોંપવામાં આવ્યાં હતાં.

કચ્છના સફેદ રણની સુંદરતાએ દિલજીત દોસાંઝનું મન મોહ્યું

અમદાવાદ, તા.૨૪

અમદાવાદમાં દિલ-લુમિનાટી કોન્સર્ટ બાદ પંજાબી ગાયક દિલજીત દોસાંઝ ૨૩ નવેમ્બરે કચ્છના રણોત્સવની મુલાકાતે પહોંચ્યા હતા. અહીં સ્થાનિક કલાકારોએ પરંપરાગત વેશભૂષામાં તેમનું સ્વાગત કર્યું હતું. દિલજીતે સફેદ રણના સોનેરી સૂર્યાસ્ત અને અદભૂત કુદરતી સૌંદર્યનો આનંદ માણ્યો હતો. ચાંદની રાતમાં રંગબેરંગી શણગારેલી ઊંટગાડીમાં સવારી કરી રણની સુંદરતા નિહાળી હતી. રણોત્સવમાં સિદ્દી ધમાલ નૃત્ય અને ફાયર બ્રીથિંગ સ્ટંટ જોઈ તેઓ ખૂબ પ્રભાવિત થયા હતા. કલાકારોને તાળીઓથી બિરદાવ્યા હતા અને કચ્છી શાલ ઓઢીને તસવીરો પણ પડાવી હતી. તેમણે કચ્છની વિવિધ ભાષાઓ, કલા અને સંસ્કૃતિના વખાણ કરી લોકોને જીવનમાં એકવાર સફેદ રણની મુલાકાત લેવા અપીલ કરી હતી. સોશિયલ મીડિયા પર પ્રવાસનો વીડિયો પણ શેર કર્યો હતો.

અમેરિકાના સવાનાહ સ્થિત SGVP શ્રી સ્વામિનારાયણ મંદિરમાં જલારામ જયંતીની ભક્તિભાવપૂર્વક ઉજવણી

અમેરિકા,તા.૨૪



અમેરિકાના સવાનાહ સ્થિત SGVP શ્રી સ્વામિનારાયણ સનાતન મંદિરમાં જલારામ જયંતીની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. અમદાવાદના SGVPના અધ્યક્ષ સ્વામી માધવપ્રિયદાસજીની પ્રેરણાથી યોજાયેલા ઉત્સવમાં ગોપી ભજન મંડળની બહેનોએ ભજન-કીર્તન અને રામધૂન દ્વારા ભક્તિમય માહોલ સર્જ્યો હતો. ત્યારબાદ સ્વામી ભક્તિવેદાંતદાસજીએ જલારામબાપાના જીવન પર પ્રેરણાત્મક સત્સંગ કરાવ્યો હતો. ગિરીશભાઈ પટેલ, જગદીશભાઈ પટેલ, સુધીરભાઈ, સંજયભાઈ અને નયનભાઈ પટેલ સહિતના ભક્તોએ યજમાન તરીકે લાભ લીધો હતો.

કોડીનાર તાલુકામાં પલ્સ પોલિયો રસીકરણ અભિયાનનું સફળતાપૂર્વક આયોજન કરાયું

અભિયાનમાં ૪૫,૨૩૮થી વધુ ઘરો અને વાડી વિસ્તારોને આવરી લેવાનું આયોજન

કોડીનાર, તા.૨૪



કોડીનાર તાલુકાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં રાષ્ટ્રીય પલ્સ પોલિયો અભિયાન અંતર્ગત વિશેષ રાઉન્ડ યોજાયો હતો. આ અભિયાનમાં ૦થી ૫ વર્ષ સુધીનાં ૧૯,૩૭૪ બાળકોને પોલિયોના બે ટીપાં પીવડાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. તાલુકામાં કુલ ૧૨૭ રસીકરણ કેન્દ્રો શરૂ કરાયા હતા, જેમાં ૨૦૦થી વધુ આરોગ્ય ટીમો કામગીરીમાં જોડાઈ હતી. આરોગ્ય કર્મચારીઓ, આશા બહેનો અને આંગણવાડી કાર્યકરોએ બાળકોનું રસીકરણ કર્યું હતું. અભિયાનમાં ૪૫,૨૩૮થી વધુ ઘરો અને વાડી વિસ્તારોને આવરી લેવાનું આયોજન છે. પ્રારંભ પ્રસંગે નગરપાલિકાના ઉપપ્રમુખ શિવાભાઈ સોલંકી, શહેર ભાજપ પ્રમુખ અજયભાઈ પરમાર સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

કોડીનારમાં ૧૦ દિવસીય રાષ્ટ્રીય કેડેટ દળની તાલીમ શિબિરનું ભવ્ય સમાપન

૩૦૦ થી વધુ કેડેટ્સે ભાગ લીધો, વિવિધ સ્પર્ધાઓમાં શ્રેષ્ઠ દેખાવ કરનારને પુરસ્કાર આપી સન્માનિત કરાયા

કોડીનાર, તા.૨૪



કોડીનારની સોમનાથ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે ૭, ગુજરાત નૌકાદળ એકમ, વેરાવળના નેજા હેઠળ યોજાયેલા રાષ્ટ્રીય કેડેટ દળ (એન.સી.સી.)ના ૧૦ દિવસીય સંયુક્ત વાર્ષિક તાલીમ શિબિરનું તા.૨૧ નવેમ્બરનાં રોજ સમાપન થયું હતું. અંતિમ દિવસે સાંસ્કૃતિક સંધ્યા અને ઈનામ વિતરણ સમારોહ યોજાયો હતો. જેમાં કરશનભાઈ સોલંકી મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. કેડેટ્સે દેશભક્તિ અને ભારતીય સંસ્કૃતિને લગતા કાર્યક્રમો રજૂ કર્યા હતા.

વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા કેડેટ્સને પુરસ્કાર અપાયા હતા. શિબિરમાં ૩૦૦થી વધુ કેડેટ્સ જોડાયા હતા. શાળા સંચાલક મંડળ અને સ્ટાફના સહયોગ બદલ આભાર વ્યક્ત કરાયો હતો.

કચ્છમાં ઢોર ગામ નજીક ટ્રેક્ટર અને ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માતમાં ત્રણનાં કરુણ મોત

ભુજ, તા. ૨૪



કચ્છ જિલ્લાના હાજીપીર રોડ પર આવેલા ઢોરા ગામ નજીક ટ્રેક્ટર અને ટ્રક વચ્ચે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં ત્રણ લોકોનાં ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યાં હતાં, જ્યારે અન્ય બે લોકો ઘાયલ થયા હતા. મળતી માહિતી મુજબ, હાજીપીર રોડ પર ઢોરા ગામ પાસે ટ્રેક્ટર અને ટ્રક સામસામે ધડાકાભેર અથડાતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. ટક્કર એટલી જોરદાર હતી કે ત્રણ વ્યક્તિઓએ ઘટનાસ્થળે જ જીવ ગુમાવ્યો હતો. અકસ્માતમાં ઘાયલ થયેલા બે લોકોને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી. ઘટનાની જાણ થતાં આસપાસના ગ્રામજનો અને લોકોનાં ટોળેટોળાં ઘટનાસ્થળે ઉમટી પડ્યાં હતાં. બીજી તરફ, પોલીસની ટીમ પણ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. અકસ્માત કયા કારણોસર સર્જાયો તે જાણવા પોલીસે વધુ તપાસ શરૂ કરી છે. આ દુર્ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ છે.

દારૂના કેસમાં જપ્ત કરેલ વાહન પોલીસ સ્ટેશનમાં જ ફરજિયાત રાખવાનો નિયમ નથી: ગુજરાત હાઈકોર્ટ

અમદાવાદ, તા. ૨૪



ગુજરાત હાઈકોર્ટે દારૂની હેરાફેરીના કેસમાં જપ્ત કરાયેલા વાહનો અંગે મહત્ત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે.

હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું છે કે ટ્રાયલ પૂર્ણ થાય ત્યાં સુધી વાહન પોલીસ સ્ટેશનમાં જ રાખવું પડે તેવો કોઈ ફરજિયાત નિયમ નથી. જસ્ટિસ જે.સી. દોશીએ જણાવ્યું હતું કે ગુજરાત પ્રોહિબિશન એક્ટની કલમ ૯૮(૨) હેઠળ વાહન છોડવા પર સંપૂર્ણ પ્રતિબંધ નથી. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૪૯૭ હેઠળ અદાલતને વાહનની વચગાળાની કસ્ટડી સોંપવાની સત્તા છે. સુરતના ડીસીબી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા દારૂના કેસમાં જપ્ત સ્વિફ્ટ કારના માલિકની અરજી મંજૂર કરી હાઈકોર્ટે શરતોને આધીન કાર સોંપવાનો આદેશ આપ્યો હતો. સાથે જ આરટીઓને વાહનના વેચાણ કે ટ્રાન્સફર પર પ્રતિબંધની નોંધ કરવા સૂચના આપી હતી. આ ચુકાદાથી વર્ષો સુધી પોલીસ સ્ટેશનમાં વાહનો પડી રહીને ભંગાર બનવાની સમસ્યામાં રાહત મળવાની આશા છે.

સુરતમાં ભાજપનો આગેવાન જ દારૂની હાટડી ચલાવતો ઝડપાયો

સુરત,તા.૨૪



રાજ્યમાં દારૂબંધીના કડક અમલની વાતો વચ્ચે સુરત શહેરના રાજકારણમાં ખળભળાટ મચાવી દેતો કિસ્સો સામે આવ્યો છે. શહેરના લાલગેટ વિસ્તારમાં ભાજપના જ એક જવાબદાર હોદ્દેદાર પોતાના પુત્ર સાથે મળીને ઘરમાં જ વિદેશી દારૂની હાટડી ચલાવતા હોવાનો પર્દાફાશ થયો છે. લાલગેટ પોલીસે બાતમીના આધારે દરોડો પાડી સુરત ભાજપના વોર્ડ નંબર ૧૨ના મહામંત્રી વિજય મોદી અને તેના સાગરીતને દારૂના મોટા જથ્થા સાથે ઝડપી પાડ્યા છે, જ્યારે તેનો પુત્ર ફરાર થઈ ગયો છે.

ગુજરાત પોલીસમાં લોકરક્ષકની ૧૨,૭૫૨ સહિત કુલ ૧૨,૯૯૩ જગ્યાઓ ભરાશે

અમદાવાદ,તા.૨૪



ગુજરાતમાં પોલીસ ભરતીની તૈયારી કરતા યુવાનો માટે ખુશીના સમાચાર સામે આવ્યા છે. ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા લોકરક્ષક કેડરની અગાઉ જાહેર કરાયેલી ૩,૦૦૦ જગ્યાઓમાં મોટો વધારો કરવામાં આવ્યો છે. ગૃહ વિભાગ દ્વારા વધારાની જગ્યાઓ મંજૂર કરવામાં આવતાં હવે લોકરક્ષક કેડરમાં કુલ ૧૨,૭૫૨ જગ્યાઓ સીધી ભરતીથી ભરવામાં આવશે. આ ઉપરાંત પીએસઆઈ કેડરમાં ૨૪૧ જગ્યાઓ માટે પણ ભરતી જાહેર કરવામાં આવી છે. આમ, લોકરક્ષક અને પીએસઆઈ કેડર મળીને કુલ ૧૨,૯૯૩ જગ્યાઓ પર ભરતી કરવામાં આવશે.ગુજરાત પોલીસ ભરતી બોર્ડે ૨૦ નવેમ્બર, ૨૦૨૬ના રોજ લોકરક્ષક કેડરની ભરતી અંગે જાહેરાત કરી હતી. ત્યારબાદ ગૃહ વિભાગે વધારાની જગ્યાઓ મંજૂર કરતાં ૨૩ નવેમ્બરે સુધારેલી જગ્યાઓની વિગતો જાહેર કરવામાં આવી હતી. ભરતી બોર્ડના અધ્યક્ષ અને પોલીસ મહાનિર્દેશક દ્વારા આ જાહેરાત કરવામાં આવતાં પોલીસમાં જોડાવા ઇચ્છુક યુવાનોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

પીએસઆઈની ૨૪૧ જગ્યાઓ માટે પણ ભરતી પ્રક્રિયા હાથ ધરાશે

વેરાવળમાં નજીવી બાબતે નાના ભાઈએ મોટા ભાઈની હત્યા કરી

ગીર સોમનાથ, તા. ૨૪

ગીર સોમનાથ જિલ્લાના વેરાવળમાં ભાઈએ જ ભાઈની હત્યા કરી હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. વેરાવળ રેલવે સ્ટેશન નજીક જમવાનું લેવા જવા મુદ્દે બે ભાઈઓ વચ્ચે બોલાચાલી થઈ હતી. આ વિવાદ ઉગ્ર બનતાં નાના ભાઈ ભોલા સોલંકીએ મોટા ભાઈ સુરેશ મનજી સોલંકી (ઉં.વ. ૪૩) પર પથ્થર અને લાકડી વડે હુમલો કર્યો હોવાનો આરોપ છે. હુમલામાં ગંભીર ઈજાઓ થતાં સુરેશ સોલંકીનું મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને આરોપી ભોલા સોલંકીની અટકાયત કરી હતી. હત્યા પાછળનું ચોક્કસ કારણ જાણવા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. સામાન્ય બાબતમાં થયેલા વિવાદે હત્યાનું સ્વરૂપ ધારણ કરતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. પરિવારજનોમાં શોકની લાગણી ફેલાઈ છે.

PGVCLના વીજ બિલમાં એરિયર્સ વસૂલાત સામે રાજકોટ કોંગ્રેસનો વિરોધ

રાજકોટ,તા.૨૪

સૌરાષ્ટ્ર-કચ્છના આશરે ૬૨ લાખ ગ્રાહકોને વીજળી પૂરી પાડતી પશ્ચિમ ગુજરાત વીજ કંપની દ્વારા વીજ બિલમાં એરિયર્સના નામે નાણાં વસૂલવાનું શરૂ કરાતાં રાજકોટ શહેર કોંગ્રેસે વિરોધ નોંધાવ્યો છે. કોંગ્રેસ દ્વારા આગામી દિવસોમાં વીજ ગ્રાહકોને સાથે રાખીને કંપનીના મેનેજિંગ ડિરેક્ટરને રજૂઆત કરવામાં આવશે તેમજ પ્રદેશ કક્ષાએ પણ સરકાર સામે વિરોધ નોંધાવાશે.રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ અને વિરોધ પક્ષના નેતા રાજદીપસિંહ જાડેજાએ આક્ષેપ કર્યો હતો કે મોંઘવારી વચ્ચે વીજ ગ્રાહકો પર વધારાના ચાર્જનો બોજ નાખવામાં આવી રહ્યો છે. તેમના જણાવ્યા મુજબ, વીજ બિલમાં પ્રતિ યુનિટ આશરે ૧૫ પૈસાનો વધારો કરાયો છે. ઉપરાંત ઊર્જા ચાર્જ, બળતણ સરચાર્જ, માંગ ચાર્જ સહિત પાંચ પ્રકારના ચાર્જ પર અગાઉ શૂન્ય ટકા દર હતો, જે હવે વધારીને ૩.૯૯ ટકા કરાયો છે. કોંગ્રેસે ગ્રાહકોને જૂનાં અને વર્તમાન વીજ બિલોની સરખામણી કરવા અપીલ કરી છે. સામાન્ય ગ્રાહકો બિલનું વિશ્લેષણ કર્યા વગર ભરપાઈ કરતા હોવાનો પણ આક્ષેપ કરાયો છે.

૬૨ લાખ વીજ ગ્રાહકો પર વધારાના ચાર્જનો બોજ ઝીંક્યાનો આક્ષેપ

વાવ-થરાદમાં મહિલાએ બે માસૂમ બાળકો સાથે નર્મદા કેનાલમાં ઝંપલાવ્યું

ટડાવ ગામની મહિલાનું મોત, બે વર્ષની બાળકીની શોધખોળ હાથ ધરાઈ

વાવ-થરાદ,તા.૨૪

વાવ-થરાદ જિલ્લાના ધરણીધર તાલુકાના ટડાવ ગામની એક મહિલાએ પોતાના બે માસૂમ બાળકો સાથે નર્મદા મુખ્ય કેનાલમાં ઝંપલાવતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે.

થરાદ દૂધ શીત કેન્દ્ર નજીકથી પસાર થતી કેનાલમાં મહિલાએ બાળકો સાથે છલાંગ લગાવી હતી. ઘટનાની જાણ થતાં આસપાસના સ્થાનિક લોકો તાત્કાલિક બચાવ માટે દોડી આવ્યા હતા. સ્થાનિકોની સમયસૂચકતા અને પ્રયાસોથી એક બાળકને હેમખેમ બચાવી લેવામાં આવ્યું હતું, જ્યારે મહિલાનો મૃતદેહ કેનાલમાંથી બહાર કાઢવામાં આવ્યો હતો. બીજી તરફ, મહિલાની સાથે રહેલી બે વર્ષની માસૂમ બાળકી કેનાલના પાણીમાં ગરકાવ થઈ હોવાની આશંકાને પગલે તેની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. મહિલાએ આવું આત્યંતિક પગલું શા માટે ભર્યું તે અંગેનું કારણ હજુ સુધી જાણવા મળ્યું નથી. આ કરુણ ઘટનાને પગલે પરિવારજનોમાં ભારે શોક છવાયો છે,

જ્યારે સમગ્ર વિસ્તારમાં અરેરાટી અને શોકની લાગણી ફેલાઈ છે.

ભાવનગરના કુંભારવાડામાં સ્પ્રેની બોટલોમાં બ્લાસ્ટ બાદ આગમાં ૮ લોકો દાઝ્યા

મિલની ચાલીમાં ભંગારની બોટલો તોડતી વખતે અચાનક આગ ભભૂકી

ભાવનગર,તા.૨૪



ભાવનગરના કુંભારવાડા વિસ્તારમાં આવેલી મિલની ચાલીમાં ભંગારમાં આવેલી સ્પ્રેની બોટલો તોડતી વખતે અચાનક બ્લાસ્ટ થતાં આગ ફાટી નીકળી હતી. આ દુર્ઘટનામાં ૮ લોકો દાઝી જતાં સમગ્ર વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.પ્રાથમિક માહિતી મુજબ, ભંગારના વ્યવસાય સાથે સંકળાયેલા લોકો સ્પ્રેની બોટલોમાંથી લોખંડનાં બૂચ હથોડી મારીને કાઢવાની કામગીરી કરી રહ્યા હતા. દરમિયાન અચાનક તણખો થતાં બોટલોમાં આગ લાગી હતી અને એક પછી એક બ્લાસ્ટ થવા લાગ્યા હતા.પ્રત્યક્ષદર્શી કમુબેને જણાવ્યું હતું કે, આગ લાગતાં લોકો જીવ બચાવવા દોડવા લાગ્યા હતા. કેટલાક લોકો સળગતી હાલતમાં બહાર દોડી આવ્યા હતા. સ્થાનિકોએ પાણી નાખીને આગ ઓલવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ આગ કાબૂમાં આવી નહોતી.ઘટનાની જાણ થતાં પોલીસ કાફલો સ્થળ પર પહોંચ્યો હતો અને બ્લાસ્ટનું કારણ જાણવા તપાસ હાથ ધરી હતી. બનાવને પગલે વિસ્તારમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો.





